# આત્મધર્મ

## વર્ષ ૩૨

## સળંગ અંક ૩૮૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

સર્વજ્ઞમહાવીરનું ધર્મચક્ર જગતના જીવોને મંગલકારી છે

# આત્મધર્મ

[ ૩૮૨ ]



*** પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ***

**( શ્રાવણ વદ બીજ, -૬૨ મી જન્મજયંતી )**

**વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;**
**જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.**

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧ શ્રાવણ ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૨ઃ અંક ૧૦

# જન્મવધામણાં

[ રાગ :- પુરનો મોરલો હો રાજ ]

જન્મવધામણાં હો રાજ! હૈડાં થનગન થનગન નાચે;
જન્મ્યાં કુંવરી ચંદ્રની ધાર, મુખડાં અમીરસ અમીરસ સીંચે.

( સાખી )

કુંવરી પોઢે પારણે, જાણે ઉપશમકંદ;
સીમંધરના સોણલે મંદ હસે મુખચંદ.
હેતે હીંચોળતાં હો રાજ! માતા મધુર મધુર મુખ મલકે!
ખેલે ખેલતાં હો રાજ! ભાવો સરલ સરલ ઉર ઝળકે.....જન્મ૦

( સાખી )

બાળાવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત;
મેરુ સમ પુરુષાર્થથી દેખ્યો ભવનો અંત.
હૈયું ભાવભીનું હો રાજ! હરદમ 'ચેતન' 'ચેતન' ધબકે;
નિર્મળ નેનમાં હો રાજ; જ્યોતિ ચમક ચમક અતિ ચમકે.....જન્મ૦

( સાખી )

રિદ્ધિસિદ્ધિ-નિધાન છે ગંભીર ચિત્ત ઉદાર;
ભવ્યો પર આ કાળમાં અદ્‌ભુત તુજ ઉપકાર.
ચંપો મ્હોરિયો હો રાજ! જગમાં મઘમઘ મઘમઘ મ્હેકે;
'ચંપા' -પુષ્પની સુવાસ, આ ઉર મઘમઘ મ્હેકે.....જન્મ૦

# ઊજવી આનંદે શ્રાવણની બીજલડી

શ્રાવણની બીજલડી એટલે શ્રાવણ વદ બીજ–પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીનો મંગલ દિવસ.

તીર્થનાયક શ્રી મહાવીરભગવાનનો અઢીહજાર–વર્ષીય નિર્વાણમહોત્સવ સાનંદોલ્લાસ સમગ્ર ભારતવર્ષમાં ઉજવાઈ રહ્યો છે. તે દેવાધિદેવ સર્વજ્ઞવીતરાગ પરમહિતોપદેશી શ્રી જિનેન્દ્રભગવાનની દિવ્યધ્વનિ દ્વારા વહેલો પરમ પાવન અધ્યાત્મપ્રવાહ, કે જે વીર નિર્વાણની પચીશમી શતાબ્દિમાં લુપ્તપ્રાય થઈ ગયો હતો તે મંગલ પ્રવાહને પુનર્જીવિત કરનાર અધ્યાત્મયુગસ્ત્રષ્ટા આત્મજ્ઞસંત પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સમ્યક્ત્વજનની શુદ્ધાત્મદર્શી સાતિશય વિમલ વાણીના સુપ્રતાપથી જેમણે લઘુવયમાં પોતાની અંતઃપરિણતિ સ્વરૂપોન્મુખી કરી, જ્ઞાનવૈરાગ્યમય અમૃતબોધને પોતાના જીવનમાં ઉતારી અનુપમ આત્મસાધના સાધી છે; અને જેમની ધીર ગંભીર નિર્મળ સ્વાનુભૂતિમય પવિત્ર દશાની પૂજ્ય ગુરુદેવ ભરસભામાં અનેક વાર ગરિમાપૂર્ણ પ્રશંસા કરે છે તથા 'ભગવતી', 'જગદમ્બા' વગેરે મહિમાદ્યોતક અસાધારણ વિશેષણોથી ખાસ વિશેષિત કરીને જેમના અપ્રતિમ આદર્શ જીવન પ્રત્યે સમગ્ર મુમુક્ષુસમાજને ગુરુદેવે શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન જગાડયાં છે તે પ્રશાંતમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો પણ, પૂ. ગુરુદેવની સાથે, આપણા મુમુક્ષુસમાજ ઉપર મહાન ઉપકાર છે.

પૂજ્ય બહેનશ્રી, આપણા મુમુક્ષુસમાજનું અનુપમ ધર્મરત્ન છે. આત્મમંથન, સુદૃઢ તત્ત્વશ્રદ્ધા અને અતીન્દ્રિય આનંદસ્ત્રવી નિજાનુભૂતિથી સુસમૃદ્ધ તેમનો પાવન અંતર્વૈભવ ગહન અને મહાન છે; અવિચલિત ચેતનાવિલાસથી વિભૂષિત તેમની અધ્યાત્મધારા દુર્ગમ છે; ખ્યાતિ–લાભ–પૂજા આદિ બાહ્ય તરલ તથા તુચ્છ વૃત્તિઓથી અલિપ્ત, અતિ પવિત્ર, સહજ જ્ઞાનવૈરાગ્યમય તેમનું જીવન છે; સાતિશય અંતઃપુરુષાર્થ દ્વારા આવિર્ભૂત તેમની સુવિશુદ્ધ દશા ગૌરવપૂર્ણ છે; અને મતિની નિર્મળ એકાગ્રતાથી સધાયેલું તેમનું જાતિસ્મરણજ્ઞાન પણ ચમત્કારપૂર્ણ છે. જેમ તેમની આંતર પવિત્રતા–સ્વાનુભૂતિમંડિત અંતઃસાધના–સાધકનો આદર્શ છે, તેમ તેમનું વાસ્તવસ્પર્શી સ્મરણજ્ઞાન અને તેના દ્વારા સુસ્મૃત, ગત ભવમાં શ્રી સીમંધરનાથની સભામાં પ્રત્યક્ષ સાંભળેલું, પૂજ્ય ગુરુદેવના ભવોનું આશ્ચર્યકારી મહિમાપૂર્ણ સંવિવૃત મુમુક્ષુસમાજને મહાન ઉપકારરૂપ છે.

પૂજ્ય બહેનશ્રીએ સ્વાનુભૂતિયુક્ત જાતિસ્મરણજ્ઞાન દ્વારા આપણને પૂજ્ય ગુરુદેવનું તીર્થંકરદ્રવ્યત્વ ઓળખાવી, તેમની ચમત્કારિક વિશેષતાઓને પ્રકાશમાં લાવીને તેમનો લોકોત્તર મહિમા પ્રસિદ્ધ કર્યો છે; આપણામાં તેમના પ્રત્યે અગાધ શ્રદ્ધા, ભક્તિ તથા બહુમાન પ્રજ્વલિત કર્યાં છે. અહો! સનાતન જિનેન્દ્રમાર્ગની સત્યતાના સાક્ષીભૂત સાતિશય વિમળ જ્ઞાન દ્વારા જિનશાસનની આ રીતે અનુપમ પ્રભાવના કરીને પૂજ્ય બહેનશ્રીએ આપણા ઉપર ખરેખર અસાધારણ ઉપકાર કર્યો છે.

આવા અનેકવિધ ઉપકારોથી આર્દ્ર ભક્તહૃદયો પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિબહુમાન વ્યક્ત કરવા-તેમની જન્મજયંતીનો સુઅવસર ઊજવવા-થનગની રહે તે સ્વાભાવિક છે.

અહો! સ્વાનુભૂતિસંપન્ન એકભવતારી શક્રેન્દ્ર પણ જો ઠાઠમાઠથી રચેલી ‘તાંડવ લીલા’ દ્વારા બાળતીર્થંકરની અતિ થનગનાટભરી ભક્તિ કરે છે, તો પ્રાથમિકભૂમિકોન્મુખ મુમુક્ષુગણ જન્મજયંતી જેવા મંગળ અવસરે ઉપકારીની ભક્તિ કેમ ચૂકે? –‘न हि कृतमुपकारं साधवो विस्मरन्ति। ’ આવા અવસરે તો ભક્ત જીવો તન-મન-ધનથી સર્વસ્વાર્પણભાવે થનગની ઊઠે છે. નિર્મળ રત્નત્રયના આરાધક, શુદ્ધાત્માનુભૂતિસંપન્ન ઉપકારી ધર્માત્માની યથાર્થલક્ષી વિવિધ ભક્તિના આવા વિશેષ પ્રસંગે ભક્તહૃદયો આનંદવિભોર થઈ અંતર્બાહ્ય ઊછળી પડે તેમાં વિસ્મય શો?

આ મંગળ મહોત્સવ સકલ મુમુક્ષુસમાજે સુવર્ણપુરીમાં નિમ્ન પ્રકારે ઊજવ્યો હતોઃ-

* વાત્સલ્યપર્વ -શ્રાવણી પૂર્ણિમા-થી પ્રારંભ થતા ત્રણ દિવસના આ જન્મોત્સવમાં, મંગલ કામનાના પ્રતિકરૂપે, ’ શ્રી પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા ’ સુરેન્દ્રનગરનિવાસી શ્રી જગજીવનદાસ ચતુરભાઇ શાહના પરિવાર તરફથી રાખવામાં આવી હતી.
* ઉત્સવના ત્રણેય દિવસ સુવર્ણપુરીનું વાયુમંડળ મધુરાં ગીત-વાદનથી ગુંજતું હતું. શ્રી જિનમંદિર, પરમાગમમંદિર, સ્વાધ્યાયમંદિર તથા બ્રહ્મચર્યાશ્રમ ઉપર ઉત્સવની સુશોભાર્થ રચાયેલી વિવિધરંગી વિદ્યુજ્જ્યોતિઓ જાણે શુદ્ધાત્મરંગી, વિમલવિજ્ઞાનજ્યોર્તિધરના પ્રશમસ્યંદી તેજસ્વી કિરણોનો લાભ લેવા જગતને બોલાવતી હોય તે રીતે અતિશય દીપતી હતી.
* શ્રાવણ વદ બીજના-જન્મજયંતીના-દિવસે વહેલા પ્રભાતે પ્રાતઃદર્શન સમયે આંનદભેરી સાથે-

"જન્મવધાઈના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીના દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી."

–આવાં જન્મવધાઈનાં વિવિધ સુમધુર ગીતોથી તથા જયકારના મંગલ નાદોથી બ્રહ્મચર્યાશ્રમ આનંદવિભોર થઈ ગુંજતો હતો.

* પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં બહેનશ્રી પધાર્યાં ત્યારે દુંદુંભિવાદન તથા જયકારના ઉચ્ચ નાદોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે શુભ પ્રસંગે જમશેદપુરનિવાસી શ્રી હેમકુંવરબેન કામાણીએ તથા રાજકોટનિવાસી શ્રી નાનાલાલભાઈ જસાણીના પરિવારે પરમ આદરણીય પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મજ્ઞાનપ્રતિભાયુક્ત તેજસ્વી લલાટમાં કેસરનું તિલક કરીને, હીરા વગેરે વિવિધ રત્નોથી વધાવવાની વિધિથી, પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં વિશાળ મુમુક્ષુસમુદાયની ઉપસ્થિતિમાં પૂ. બહેનશ્રીનું વિશિષ્ટ બહુમાન કર્યું હતું. આ મનોહારી પ્રસંગનું ભક્તિપૂર્ણ દશ્ય નિહાળી પ્રેક્ષકોનાં હૈયાં આનંદોલ્લાસથી નાચી ઉઠયાં હતાં; પૂજ્ય ગુરુદેવ પણ ગદ્‌ગદ્ થઈ આશિષભરી અમીદષ્ટિથી આ ભક્તિદશ્યને પ્રસન્નતાપૂર્વક અવલોકી રહ્યા હતાં; મંગલ ગીતો તથા હર્ષોલ્લાસભર્યા મધુરા નાદોથી વાયુમંડલ ગાજી ઊઠયું હતું; પ્રફુલ્લતા અને પ્રસન્નતાથી સર્વનાં હૈયાં આનંદવિભોર થઈ ગયાં હતાં.

* આજના જન્મોત્સવના મંગલપ્રસંગે પૂજ્ય ગુરુદેવે પ્રવચનના પ્રારંભમાં જ બહેનશ્રીની પવિત્રતા, નિર્મળ સ્વાનુભૂતિ અને જાતિસ્મરણજ્ઞાનને વિશેષ પ્રકાશિત કરીને તેમનો મહિમા પ્રસિદ્ધ કર્યો હતો. બહેનશ્રીને સં. ૧૯૮૯ માં સ્વાનુભૂતિ પ્રગટ થઈ હતી; તે વખતે તેમને પુરુષાર્થનું ઘણું જોર હતું; સં. ૧૯૯૩ માં ધ્યાનમગ્ન દશામાંથી બહાર આવતાં તેમને જાતિસ્મરણજ્ઞાનની પ્રથમ સ્ફુરણા થઈ હતી; અને ત્યાર પછી ધર્મ સાથે સંબંધવાળી ઘણી વિગતો જાતિસ્મરણજ્ઞાનમાં ખૂલી હતી; –ઇત્યાદિ વિષયો પર ગુરુદેવે પ્રકાશ પાડયો હતો. પ્રસન્નચિત્તે ધીર–ગંભીરપણે પંદર મિનિટ સુધી પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી વરસેલી મહિમાદ્યોતક અમૃતવર્ષાથી મંત્રમુગ્ધ શ્રોતાસમુદાય ખૂબ આનંદિત થઈ ગયો હતો.

* પ્રવચન પછી શ્રી ગિરધરલાલ નાગરદાસ શાહ, શ્રી બાબુભાઈ ચુનિલાલ મહેતા, શ્રી ચંપકભાઈ ડગલી તથા શ્રી મણિભાઈ મુનઈવાળાએ પોતપોતાના સંક્ષિપ્ત વક્તવ્ય દ્વારા પૂ. બહેનશ્રીને આ શુભ પ્રસંગે ભાવાર્દ્ર શ્રદ્ધાંજલિ સમર્પિત કરી હતી. ત્યાર પછી જન્મજયંતીની ખુશાલીમાં ભક્તિપુષ્પરૂપે મુમુક્ષુઓ દ્વારા

સમર્પિત '૬૨' આંકના એકમથી રૂા. ૪૦, ૦૦૦ ઉપરાંતની રકમો જ્ઞાનપ્રચાર ખાતે જાહેર થઈ હતી.

* પૂ. બહેનશ્રીની ૬૨ મી જન્મજયંતીના આ શુભ અવસરે સંસ્થાને સમર્પિત કરવામાં આવેલી કલાકૃતિઓ–શ્રી સુરેશભાઈ સંઘવી તરફથી પૂજ્ય ગુરુદેવનાં ભવોનાં યંત્રમઢેલાં ફરતાં મનોહર રંગીન ચિત્રો, શ્રી ચંપકભાઈ ડગલી તરફથી દર્પણ–કાચમાં કોતરેલું, સીમંધરનાથની સભામાં કુંદકુંદાચાર્યના આગમન સમયે વિદેહના રાજકુમાર વગેરેની ઉપસ્થિતિ દર્શાવતું કલામય સુંદર ચિત્ર અને શ્રી નાનાલાલભાઈ જસાણીના પરિવાર તરફથી પૂજ્ય બહેનશ્રીની મુદ્રાવાળા ચાંદીના સિક્કા, વગેરે દર્શનીય વસ્તુઓ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી.

* આજના મંગલ દિવસે બહેનશ્રીબેનના ઘરે કૃપાળુ ગુરુદેવની મંગલ પધરામણી તથા આહારદાનના આનંદકારી પ્રસંગ પછી આશ્રમના સ્વાધ્યાયભવનમાં પૂ. બહેનશ્રીનાં પુનિત દર્શનથી પાવન થવા તથા જન્મોત્સવ–અભિવાદન કરવા સમગ્ર મુમુક્ષુસમાજ ઉપસ્થિત થયો હતો. તે પ્રસંગે મુમુક્ષુભાઈઓ તરફથી બે શબ્દો કહેવા માટે વિનંતિ કરવામાં આવતાં બહેનશ્રીએ પૂ. ગુરુદેવનો ખૂબ મહિમા તથા ઉપકાર પ્રસ્તુત કરીને ગુરુદેવે બોધેલા સ્વ–પરભેદવિજ્ઞાનને તથા પરથી જુદા નિજશુદ્ધાત્માને સાધવાની મુમુક્ષુજીવની અંદરની ધગશ વગેરે આત્માર્થને સ્પર્શતી ગંભીર વાતો મીઠી અને સુંદર શૈલીથી અતિ સંક્ષેપમાં પ્રકાશી હતી. અભિવંદનાનો આ શુભ પ્રસંગ પણ ભક્તિગીતો તથા જયનાદોથી ચિત્તને પ્રસન્ન કરતો હતો. અનન્યશરણ ધર્મમાતા પ્રત્યે સર્વસ્વાર્પણભાવે શ્રદ્ધા–ભક્તિ દ્વારા અભિવ્યક્ત થતો બ્રહ્મચારી બહેનોનો ઉમંગ ઉત્સવને દીપાવતો હતો.

* આ આનંદોત્સવની ખુશાલીમાં આજે સૂરતનિવાસી શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાળા તરફથી 'સાધર્મીવાત્સલ્ય' હતું. શ્રી હસમુખલાલ કાંતિલાલ ગાંધી–બોટાદવાળા તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી.

* રાત્રે મુમુક્ષુ મહિલાસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મતત્ત્વસ્પર્શી પ્રશમરસઝરતું વાંચન થયું હતું; ત્યારબાદ પૂજ્ય બહેન શાંતાબેનના અધ્યાત્મ વાંચન પછી બ્રહ્મચારી બહેનો વગેરે દ્વારા ભક્તિનાં ગીતો તથા રાસગરબા ઇત્યાદિ પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. આ રીતે ભક્તજનોએ આજનો આ મંગલમય ઉત્સવ સુવર્ણપુરીમાં અત્યાનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો હતો.



# પૂ. શ્રી ચંપાબેન

આ કાળે પ્રભુ મહાવીરનાં શાસનને શોભાવનાર, ગુરુદેવની મંગલ પ્રભાવનામાં પૂર્વસંસ્કાર બળે નિઃશંકતાદિના સાથિયા પૂરનાર, ને સ્વાનુભૂતિ-માર્ગના પ્રણેતા ચૈતન્યસાધક પૂ. બેનશ્રી ચંપાબેનને, તેઓશ્રીની ૬૨ મી જન્મ જયંતીના મંગલ પ્રસંગે ભારતના મુમુક્ષુજીવો આત્મિક શાંતિની ભાવનાપૂર્વક અભિવંદના કરે છે.

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૧૦

આત્મધર્મ

વીર સં. ૨૫૦૧
: શ્રાવણ :
ઈ. સ. 1975
AUGUST

# ધર્માત્માનો ઉત્સવ

**ધર્માત્માનો ઉત્સવ એટલે આરાધકજીવનો ઉત્સવ,**
**આરાધકજીવનો ઉત્સવ એટલે આરાધનાનો જ ઉત્સવ.**

એ ઉત્સવ ઉજવતાં આરાધક જીવો પ્રત્યે ને આરાધના પ્રત્યે બહુમાન જાગે, પોતાને આરાધનાનો લાભ થાય ને તેમાં વૃદ્ધિ થાય–તે પ્રયોજન હોય છે.

જેમ જિનેન્દ્રોનાં પંચકલ્યાણક ઉત્સવો ઘણા જીવોને આરાધનાના લાભનું નિમિત્ત થાય છે; અને તે લાભ, માત્ર રાગવડે નહિ પરંતુ તે વખતે તેમના ગુણોની ઓળખાણનો જે રાગથી અધિક જ્ઞાનભાવ વર્તે છે તેને લીધે થાય છે, તેથી જ તે સમ્યક્ઉત્સવ છે. ઈન્દ્રને જન્મકલ્યાણક વગેરે ઉત્સવો વખતે રાગથી અધિક, ગુણોની સમ્યક્ ઓળખાણનું બળ છે તે જ તેના ઉત્સવને મંગળરૂપ બનાવે છે. આ રીતે ધર્માત્માના ગુણની ઓળખાણ, અને તેવા ગુણોની પોતામાં ઉપલબ્ધિ તે ધર્માત્માના ઉત્સવનું સમ્યક્ ફળ છે. ( वन्दे तद्गुणलब्धये )

શ્રી ગુરુપ્રતાપે આપણને વારંવાર એવા સમ્યક્ઉત્સવો ઉજવવાનું ભાગ્ય મળે છે: શ્રાવણ વદ બીજે જ્ઞાનચેતનાસંપન્ન પૂ. બેનશ્રી ચંપાબેનનો એવો મંગલ ઉત્સવ આવી રહ્યો છે. આવો સાધર્મીઓ! રાગ–દ્વેષથી પાર એમની જ્ઞાનચેતનાને ઓળખો, તેનું બહુમાન કરો ને રાગ–દ્વેષથી દૂર થઈને એવી જ્ઞાનચેતનારૂપ પરિણમો. એ જ ધર્માત્માના આશીષ છે...ને એ જ તેમનો ઉત્સવ છે. ( – બ્ર. હ. જૈન )

# ધર્માત્માનો મહોત્સવ એટલે સ્વાનુભૂતિનો મહોત્સવ

સ્વાનુભૂતિ મંગળ છે; સ્વાનુભૂતિ–સમ્પન્ન ધર્માત્મા મંગળ છે; એવા ધર્માત્માના સન્માનનો ઉત્સવ મુમુક્ષુઓ ઊજવે–તેમાં પણ સ્વાનુભૂતિ તરફના વલણની પ્રધાનતા હોય છે. અહા, આ કાળે સ્વાનુભૂતિવાળા મહાત્મા જોવા મળવા–એ પણ મહાન ભાગ્ય છે, ને એમની સ્વાનુભૂતિને ઓળખીને જે પોતે તેની આરાધના કરે એનું તો અપૂર્વ કલ્યાણ થાય છે; તે સજ્જનો પોતાના ઉપર કરાયેલા ઉપકારને કદી ભૂલતા નથી.

–એવા પરમ ઉપકારી, સ્વાનુભૂતિસંપન્ન ધર્માત્મા અને આ બાળકના ધર્મમાતા, પૂ. બેનશ્રી ચંપાબેનના જન્મોત્સવ પ્રસંગે આપણે તેમના સન્માનનો ઉત્સવ ઉજવીએ છીએ. એક સાધક જીવનું ખરૂં સન્માન કરવા માટે, તેમણે કરેલી આત્મસાધનાને અને તેમનામાં વર્તતા ચૈતન્યરૂપ સાધકભાવને ઓળખવા જોઈએ. એવી ઓળખાણ માટે અહીં ૬૨ બોલ પૂ. ગુરુદેવના પ્રવચનોમાંથી આપીએ છીએ. તેના દ્વારા અચિંત્ય મહિમાવંત જ્ઞાનીની પરિણતિને જે ઓળખશે તેનું કલ્યાણ થશે.

(–બ્ર. હ. જૈન)

૧. હે સાધક! હે પૂર્ણાનંદસ્વરૂપના પથિક! વીરનાથના શાસનમાં આવીને, અંતર્‌સ્વભાવમાં પેસીને સમ્યગ્દર્શન વડે નિર્વિકલ્પ ચૈતન્યના અજવાળા પ્રગટ કર્યા...એ તો તેં મહાન કાર્ય કર્યું.

૨. ધર્માત્માએ અનુભૂતિરૂપી ગૂફામાં પેસીને ચૈતન્યના ગુપ્ત ચમત્કારને નીહાળ્યો છે; સાધ્યને અંતરમાં દેખ્યું છે; ને સાધન પણ પોતામાં જ છે.

૩. પૂર્ણ ચૈતન્યતેજની પ્રતીત કરીને તે ધર્માત્મા અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવા માટે પરમાત્માની પેઢીએ ચડયો; તેનું જ્ઞાન સુજ્ઞાનપણે ઝળકી ઊઠયું.

૪. જેની પ્રીતિ–રુચિ–વહાલપ અંતરના પૂર્ણ ચૈતન્યસ્વભાવમાં જ પેસી ગઈ છે ને બીજે બધેથી વહાલપ હટી ગઈ છે–તે જ્ઞાની છે, તેનું અંતર્‌પરિણમન પરમાત્મપદ તરફ ઢળેલું છે.

૫. જ્ઞાની–ધર્માત્માને પંડિતવીર્યની સ્ફુરણા થઈ છે ને પરભાવોથી ભિન્નતા થઈ છે; અનાદિની બાલબુદ્ધિ ટળીને સાધકદશારૂપ યુવાપણું થયું છે.

૬. હે સાધક સંત! તારા પૂર્ણ ચૈતન્યતેજ જેવા તને પ્રતીતમાં ને અનુભવમાં આવ્યા છે તેવા જ્યાંસુધી પૂર્ણ પ્રગટ ન થાય ત્યાંસુધી નિરંતર તે ચૈતન્યતેજનું ધ્યાન કરજે.

૭. રાગ હોવા છતાં, ધર્મીને રાગથી ચૈતન્યની ભિન્નતાનું ભાન છે; મારો આત્મસ્વભાવ જિનસ્વરૂપ વીતરાગ છે–એવું સ્વસંવેદન તેને થઈ ગયું છે.

૮. વાંદરાનું નાનું બચ્ચું હોય, ચકલું હોય કે આઠ વર્ષની બાલિકા હોય, તેને પણ અંતરમાં સ્વસંવેદન થતાં આવી અપૂર્વ દશા થાય છે. હે ભવ્યજીવો! એવી ધર્મદશા દેખીને તેની તમે અનુમોદના કરજો.

૯. જરાક પણ રાગ રહે તે કેવળજ્ઞાનને રોકનાર છે, માટે હે સાધક! ચૈતન્યના ઉગ્ર ધ્યાનવડે સંપૂર્ણ રાગ નષ્ટ કરવા યોગ્ય છે.

૧૦. સાધક ધર્માત્માને તો આવું ભાન અને પ્રયત્ન ચાલુ જ છે, પણ તેને સંબોધન કરવાના બહાને બીજા જીવોને તેની અલૌકિકદશા ઓળખાવે છે, કે સાધકદશા કેવી હોય! સાધકના અંતરમાં તો સદાય મોક્ષના આનંદનો મહોત્સવ ચાલે છે.

૧૧. સમ્યગ્દર્શન પ્રગટવાનો પંથ પણ આ જ છે કે રાગની વહાલપ છોડીને, અત્યંત સુંદર એવા ચૈતન્યસ્વરૂપમાં પ્રવેશીને તેનું ધ્યાન કરવું; ને તેવી દશાવાળા ધર્માત્માઓને ઓળખવા.

૧૨. અહા, જ્ઞાનીની દશા અચિંત્ય છે! ચૈતન્યશક્તિના સ્પર્શ વડે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું સુંદર પરિણમન તેને થયા કરે છે; તેમાં બીજા કોઇનું અવલંબન છે જ નહીં. –અહો, નિરાલંબી ચૈતન્યતત્ત્વ અદ્ભુત છે!

૧૩. આવા નિરાલંબી ચૈતન્યની પૂર્ણપરિણતિને પામેલા પરમાત્મા (અરિહંત ભગવાન અને સિદ્ધભગવાન) પણ નિરાલંબીપણે ગગનમાં બિરાજે છે. અરિહંતદેવ ગંધકૂટીને સ્પર્શતા નથી.

૧૪. સમ્યગ્દર્શન થયું ત્યારથી જ જ્ઞાનની ધારા સમ્યક્પણે વર્તે છે. ત્યાં રાગ અને વિકલ્પ હોવા છતાં જ્ઞાનીની જ્ઞાનધારા ને રાગને સ્પર્શતી નથી.

૧૫. ‘હું શુદ્ધ જ્ઞાન છું’ એવા જ્ઞાનમયભાવપણે જે જ્ઞાન પરિણમ્યું તેમાં હવે વચ્ચે રાગાદિ નહિ આવે; રાગ જુદા જ્ઞેયપણે રહેશે પણ જ્ઞાન તેમાં તન્મય નહિ થાય.

૧૬. જ્ઞાનીનું કાર્ય જ્ઞાનમય જ છે, જ્ઞાનીનું કાર્ય રાગમય નથી. જ્ઞાનકાર્ય અને રાગકાર્ય બંનેનો કર્તા એક ન હોય. જ્ઞાનમય એવો જ્ઞાની રાગનો અકર્તા જ છે.

૧૭. જ્ઞાનીને સ્વાનુભવપૂર્વક જ્ઞાનની જે સમ્યક્ધારા પ્રગટી તે સવિકલ્પદશા વખતેય ચાલુ રહે છે. સમકિતીને અવિરતી ગૃહસ્થદશામાંય જ્ઞાનધારા સતત વર્તી રહી છે, 'તે જ્ઞાનધારા નિરંતર નિર્વિકલ્પ છે.'

૧૮. નિર્વિકલ્પ ઉપયોગની શ્રેણી (સાતમા ગુણસ્થાનથી ઉપરની દશા) અત્યારે આ કાળના જીવોને નથી, પણ સમ્યગ્જ્ઞાનની અપ્રતિહતધારા અત્યારના કોઈ–કોઈ જીવોને છે; તે પણ ધન્ય છે...તેમનું દર્શન પણ મંગળ છે.

૧૯. અત્યારે પણ સમકિતી ગૃહસ્થને કે સ્ત્રીને એવું ધારાવાહી જ્ઞાન હોય છે કે વચ્ચે અજ્ઞાન આવ્યા વિના અપ્રતિહતધારાએ કેવળજ્ઞાન લીધે છૂટકો. –અહો, એવા ધર્મી જીવો ધન્ય છે.

૨૦. સાધકની જ્ઞાનધારા કેવી હોય તે સમયસારમાં અલૌકિક રીતે આચાર્યદેવે ઓળખાવ્યું છે; તે ઓળખે તો પોતામાં જ્ઞાન અને રાગની ધારા અત્યંત જુદી પડી જાય.

૨૧. અહો, આ 'સમયસાર' એટલે વર્તમાનમાં સાક્ષાત્ તીર્થંકરદેવના દિવ્યધ્વનિનો સાર! એમાં તો ભેદજ્ઞાનના એવા મંત્ર ભર્યા છે–કે જે મંત્ર એક ક્ષણમાં જ્ઞાન અને રાગની એકતાને તોડી નાંખે.

૨૨. નિજસ્વરૂપના મહિમામાં લીન થવાથી શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિ થતાં આત્મા સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી દૂર વર્તે છે.

૨૩. જ્ઞાનીને જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જ મિથ્યાત્વરૂપ પરપરિણતિ તો તેણે છોડી છે, અને અસ્થિરતારૂપ પરપરિણતિને છોડવા માટે તે વારંવાર નિજસ્વરૂપને સ્પર્શે છે.

૨૪. અહો, આવા સાધકજીવનું સ્વરૂપ વિરલા જ જાણે છે. એનું શ્રવણ પણ દુર્લભ છે. આ ચૈતન્યહીરો કોણ છે તેની કિંમત કરનારા જીવો સદાય વિરલા છે; –છતાં અત્યારેય વિદ્યમાન છે ખરા.

૨૫. સાધક જ્ઞાનીની દશાને યથાર્થપણે ઓળખે તો સ્વરૂપને સાધવાનો માર્ગ ખ્યાલમાં આવે. જ્ઞાની કઈ રીતે નિજસ્વરૂપને સાધી રહ્યા છે તે ઓળખતાં પોતાને પણ તેવો માર્ગ જરૂર પ્રગટે.

૨૬. જે જીવ રાગની રુચિ કરે છે તે જીવ, રાગથી ભિન્ન એવી જ્ઞાનીની પરિણતિને ઓળખી શકતો નથી. પોતે રાગથી જુદો પરિણમે તો જ જ્ઞાનીની પરિણતિને સાચી રીતે ઓળખાય.

૨૭. આ બાજુ જ્ઞાનાનંદસ્વભાવ, સામી બાજુ રાગાદિ પરભાવ; આ બાજુ આવ્યો તે મુક્ત થાય છે, ને રાગાદિ પરભાવ તરફ વળ્યો તે બંધાય છે.

૨૮. સંતો અંતરની ચૈતન્યગૂફામાં આનંદના અનુભવમાં ઝૂલતા ઝૂલતા મોક્ષને સાધી રહ્યા છે...પરમાત્મા એમની દ્રષ્ટિમાં તરવરે છે; તેમણે પરમ–આત્મા સાથે ગોષ્ઠી બાંધીને રાગ સાથેની ગોષ્ઠી તોડી નાંખી છે.

૨૯. જ્ઞાની રાગથી દૂર થઈ પરમાત્મસ્વભાવમાં પેઠા ત્યાં બંધન તો બહાર રહ્યું. પરમાત્મસ્વભાવમાં કર્મનો પ્રવેશ નથી; તેથી શુદ્ધનયવડે જે પરમાત્મસ્વભાવમાં ઊંડા ઊતર્યા તેને બંધન નથી, એ તો મુક્તિસુખનો સ્વાદ ચાખે છે.

૩૦. અહો, આ શુદ્ધાત્માનું અવલંબન તે જ પરમ શાંતરસનું પોષક છે. સંતોએ સ્વાનુભવ વડે પ્રસિદ્ધ કરીને તે સુગમ કરી દીધું છે. –એવા સંતોના ઉપકારને સજ્જનો કેમ ભૂલે ?

૩૧. સ્વભાવનો આશ્રય કરીને જેણે શુદ્ધઅનુભૂતિ પ્રગટ કરી તેણે પરમ શાંત અતીન્દ્રિય ચૈતન્યરસ ચાખ્યો, અને સર્વશાસ્ત્રનું રહસ્ય તેણે પ્રાપ્ત કરી લીધું.

૩૨. સમ્યગ્દ્રષ્ટિનું ચિત્ત શુદ્ધનયથી ઓપતું–દીપતું છે; બહારમાં દેહ ભલે સુંદર હો કે અસુંદર, –પણ જેને અંતરમાં નિર્મળઅનુભૂતિ પ્રગટી તે કૃતકૃત્ય છે, મહાન છે, ચૈતન્યની અત્યંત સુંદરતાથી તે શોભે છે.

૩૩. શુદ્ધ આત્માને અવલંબનારી ધર્માત્માની ચેતનાપરિણતિ અત્યંત ધીર છે, ઉદાર છે, ગંભીર છે, પવિત્ર છે, અને એવી બળવાન છે કે સમસ્ત કર્મોને મૂળમાંથી ઉખેડી નાંખે છે.

૩૪. ધર્માત્માનું સાધકપણું ને સાધ્ય એ બંને અંતરમાં જ સમાય છે. સાધ્ય, સાધક ને સાધન ત્રણે નિર્વિકલ્પપણે પોતામાં જ સમાય છે, વચ્ચે બીજું કોઈ સાધન નથી.

૩૫. આ દેહમાં રહેલો ચૈતન્યપ્રભુ, બેહદ જ્ઞાન–આનંદની પ્રભુતાથી ભરેલો છે, તેનું અંતરભાન કરીને જ્ઞાનીએ રાગથી ભિન્ન ચૈતન્યભગવાનના ભેટા કર્યા છે, તે અપૂર્વ ધર્મ છે.

૩૬. જ્યાં ચૈતન્યની અત્યંત સુંદરતાને જાણી ત્યાં જ્ઞાનીને ધર્મધારા ચાલી, તે ધારા એવી અતૂટ છે કે શુભાશુભપરિણામ વખતેય તે જ્ઞાનધારા છૂટતી નથી; તે જ્ઞાનધારા અપ્રતિહતપણે આગળ વધીને કેવળજ્ઞાન સાથે 'જોડણી' કરશે.

૩૭. શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે પણ, અરે! ઊંઘ વખતેય ધર્મીને જ્ઞાનધારાનો પ્રવાહ સતત ચાલે જ છે, તેનું જ્ઞાન અજ્ઞાનરૂપ થઈ જતું નથી. તેની શ્રદ્ધા અને ચેતના સદાય નિર્વિકલ્પ છે; તેનું ઇષ્ટ કાર્ય ચાલુ જ છે.

૩૮. સમ્યગ્દર્શન થયું ત્યારથી જ જ્ઞાનની ધારા સમ્યક્પણે વર્તે છે. વિકલ્પ હોવા છતાં તેનાથી ભિન્નપણે જ્ઞાનધારા વર્તે છે; આવી જ્ઞાનધારામાં અશુદ્ધતાનો ને કર્મનો અભાવ છે.

૩૯. 'હું શુદ્ધ જ્ઞાન છું' –એવા અનુભવપણે જે જ્ઞાન પરિણમ્યું તે હવે જ્ઞાનપણે જ રહેશે, તેમાં વચ્ચે રાગ નહિ આવે; રાગ જુદા જ્ઞેયપણે રહેશે પણ જ્ઞાન તેમાં તન્મય નહિ થાય.

૪૦. સ્વરૂપમાં નિર્વિકલ્પ ઉપયોગ ગણધરદેવ જેવાનેય અંતર્મુહૂર્ત કરતાં વધારે કાળ રહેતો નથી; પરંતુ જ્ઞાનની સમ્યક્ધારા તો સવિકલ્પદશામાંય સમકિતી–અવિરતીગૃહસ્થોને પણ સતત ચાલુ રહે છે.

૪૧. અહો વીરનાથ! આપનો માર્ગ ખરેખરો વીરતાનો જ માર્ગ છે; આપના માર્ગમાં રાગની કાયરતા છૂટીને વીતરાગી–વીરતા જાગે છે, ને વીરપણે આત્મા મોક્ષને સાધે છે.

૪૨. પ્રભો! આપના માર્ગમાં ચાલી રહેલા નાનામાં નાના સમકિતીની દશા પણ કોઈ અદ્ભુત આશ્ચર્યકારી શાંતિમય હોય છે; –તેને ઓળખનારા પણ ધન્ય બની જાય છે.

૪૩. અહો, ધર્માત્માની અનુભૂતિ કેવી હોય, અને પોતાને તેવી અનુભૂતિ કેમ પ્રગટે? તે સમજવાની જેને ધગશ છે એવા શિષ્યને આચાર્યદેવ કહે છે કે નિજસ્વરૂપના મહિમામાં લીન થવાથી શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે.

૪૪. શુભાશુભરાગના એક અંશને પણ જ્ઞાન સાથે ન ભેળવવો, અને જ્ઞાનને આત્મા સાથે અત્યંત તન્મય અનુભવવું, –આવું ભેદજ્ઞાન તે સંવરનું મૂળ સાધન છે.

૪૫. જ્ઞાનીનો જે ભાવ ચિદાનંદસ્વભાવમાં તન્મય થઈને પરિણમ્યો તે ભાવ જ્ઞાનમય છે, તેમાં રાગ–દ્વેષ–મોહ નથી. સ્વભાવના પરિણમનની ધારામાં વિભાવ કેમ હોય? વાહ રે વાહ! સાધકની જ્ઞાનધારા! –ઘણી ગંભીર છે.

૪૬. જેમ વીજળી પડે ને પર્વતના કટકેકટકા થઈ જાય ને ફરીને સંધાય નહિ, તેમ ભેદજ્ઞાનરૂપી વીજળીના પ્રહાર વડે જ્ઞાનીને જ્ઞાન અને રાગની એકતા તૂટી તે ફરીને કદી સંધાવાની નથી.

૪૭. અહા, અંતરના અપૂર્વ પુરુષાર્થથી ભેદજ્ઞાન કરતાં જ્યાં પોતાના અંતરમાં જ પરમાત્માનો ભેટો થયો ત્યાં હવે પામર જેવા પરભાવો સાથે સંબંધ કોણ રાખે? રાગથી જુદી જ્ઞાનધારા ઉલ્લસી તે ઉલ્લસી, હવે પરમાત્મપદને ભેટયે છૂટકો.

૪૮. જુઓ તો ખરા, આ સ્વભાવના સાધકનું જોર! પંચમકાળના મુનિરાજે પણ ક્ષાયિક જેવા અપ્રતિહત ધારાવાહી ભેદજ્ઞાનની આરાધના બતાવી છે. આવા જ્ઞાનની અંતરમાં વીરતાથી કબુલાત આવવી જોઈએ.

૪૯. અરે, આવી ચૈતન્યઅનુભૂતિનો કેટલો મહિમા છે, ને એવો અનુભવ કરનાર ધર્માત્માની શી સ્થિતિ છે! તેની લોકોને ખબર નથી. એ ધર્માત્માએ પોતાના આંગણે મોક્ષના માંડવા નાખ્યા છે.

૫૦. –એ અનુભવીના અનુભવમાં બારે અંગનો સાર સમાઈ ગયો છે, બાર અંગરૂપ શ્રુતસમુદ્રમાં રહેલું શ્રેષ્ઠ ચૈતન્યરત્ન તેણે પ્રાપ્ત કરી લીધું છે; સંસારનું મૂળ તેને છેદાઈ ગયું છે.

૫૧. અવિરતિ સમકિતીના અંતરમાં પણ ભેદજ્ઞાનના બળે ક્ષણે–ક્ષણે સિદ્ધપદની આરાધના ચાલી રહી છે. જેમ મુનિવરો મોક્ષના સાધક છે તેમ આ ધર્માત્મા પણ મોક્ષના સાધક છે.

૫૨. જીવના પરિણામના બંધ અને મોક્ષ એવા બે ભાગ પાડો તો સમ્યક્ત્વપરિણામ તે મોક્ષસ્વરૂપ જ છે, તેમાં જરાય બંધન નથી; અને રાગાદિ બંધ ભાવો જરાપણ મોક્ષનું કારણ નથી.

૫૩. અરે જીવ! એકવાર તો જ્ઞાનના સ્વાશ્રયે ઊભો થા! અને ભેદજ્ઞાનરૂપી વજ્રવડે એકવાર તો જ્ઞાન અને રાગ વચ્ચેની સંધિને તોડી નાંખ–તને બહુ મજા આવશે.

૫૪. અરે જીવ! સાચા ભાવથી આત્માની લગનીમાં લાગ્યો રહે ને તેમાં ભંગ ન પડવા દે તો છ મહિનાથી પણ ઓછા વખતમાં તને નિર્મળ અનુભૂતિ (સમ્યગ્દર્શન) જરૂર થઈ જશે. ઘણા જીવોને થયું છે તેમ તને પણ થશે.

૫૫. ભેદજ્ઞાનનો તીવ્ર અભ્યાસ તે આત્મપ્રાપ્તિનો ઉપાય છે. ભેદજ્ઞાનના અભ્યાસથી જરૂર આત્મપ્રાપ્તિ થશે; –એક શરત, કે બીજો બધો કોલાહલ છોડીને… ' (એટલે કે આત્માની એકની જ લગની લગાડીને…) અભ્યાસ કરવો.

૫૬. જીવમાં અચિંત્ય તાકાત છે; જ્યારે તે પોતાની તાકાતને ફોરવીને અંતર્મુખ થાય છે ત્યારે તે સમ્યગ્દર્શનાદિ પામે છે, તેમાં બીજું કોઈ કારણ નથી; તે અકારણીય છે. અથવા આત્મા મુમુક્ષુ થઈને શાંતિ માટે જાગ્યો એ જ તેનું કારણ.

૫૭. શ્રી આચાર્યદેવ અને જ્ઞાની સંતો ફરીફરીને મીઠાસથી કહે છે કે હે ભવ્ય! બીજી બધી ચિંતાને છોડીને એક ચિદાનંદતત્ત્વની પ્રાપ્તિના પ્રયત્નમાં તારા ઉપયોગને જોડ. –એ જ સૌથી સુંદર કામ છે. અત્યારે જ તેનો ઉત્તમ અવસર છે.

૫૮. જ્ઞાન–આનંદમય ભેદજ્ઞાનજ્યોતિ સદાય વિજયવંત છે, તે સાદિઅનંત જયવંત વર્તે છે. જેણે ભેદજ્ઞાન પ્રગટ કર્યું તેણે આત્મામાં વિજયનો ધર્મધ્વજ ફરકાવ્યો.

૫૯. અહો, આવું ભેદજ્ઞાન અચ્છિન્નધારાથી નિરંતર ભાવવા યોગ્ય છે. હે સત્પુરુષો! આવું ભેદજ્ઞાન કરીને તમે મુદિત થાઓ....રાગથી અત્યંત ભિન્ન ચૈતન્યના અનુભવવડે આનંદિત થાઓ.

૬૦. ભેદજ્ઞાનવડે શુદ્ધાત્માની અનુભૂતિ પ્રગટી તે અપૂર્વ મંગળ છે; અને જેને એવી દશા પ્રગટી છે તે સન્તો પણ મંગળરૂપ છે, ને તેઓ અન્ય જીવોને પણ મંગળનું કારણ છે.

૬૧. ચૈતન્યની જ્ઞાનદશા પામવા માટે અંતરમાં ઘણી પાત્રતા ને ઘણો પ્રયત્ન જોઈએ. અહા, કેટલી તૈયારી! કેટલી ધગશ! કેટલી જાગૃતી!! અને એનું ફળ તો કેવું મધુરું!

૬૨. જ્ઞાનીની પરિણતિ અચિંત્ય મહિમાવંત છે, તેના આત્મામાં સાધકભાવની મંગળમાળા ગૂંથાયા જ કરે છે. આવા સાધક સંતોને નમસ્કાર હો.

**રત્નત્રયના બાગને ખીલવે સાધક સંત,**
**ગૂંથતા સાધકમાળને ભવના આવ્યા અંત.**
**સાધક સંતની પરિણતિ, અદ્‌ભુત આનંદકાર,**
**ભાવ ધરીને ઓળખે તે પામે ભવનો પાર.**

**દુનિયામાં ગમે ત્યાં હોય,**
**ગમે તેવો પ્રસંગ હોય,**
**-મુમુક્ષુ જીવ પોતાના આત્મહિતના ધ્યેયને**
**કદી ભૂલતો નથી, કે ઢીલું કરતો નથી.**

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

## [ લેખાંક ૮ ]

સમાધિશતકના ૩૮ મા શ્લોકમાં કહ્યું કે જેનું ચિત્ત પોતાના ચૈતન્યમાં સ્થિર નથી તેને જ માન–અપમાનના વિકલ્પો સતાવે છે; માન–અપમાનના વિકલ્પો દૂર કરવાનો ઉપાય એ જ છે કે ચિત્તને પોતાના ચૈતન્યમાં સ્થિર કરવું. બહાર ભમતું ચિત્ત માન–અપમાનના પ્રસંગમાં દુઃખી થયા વગર રહેતું નથી; પણ જો તેવા પ્રસંગે ચિત્તને સ્વસ્થ કરીને શુદ્ધઆત્માની ભાવનામાં જોડે તો રાગ–દ્વેષ ક્ષણમાત્રમાં શાંત થઈ જાય છે. આ રીતે આત્માની ભાવના તે જ માન–અપમાન સંબંધી રાગ–દ્વેષને જીતવાનો ઉપાય છે. (–સં.)

પહેલાં તો રાગાદિથી રહિત તેમજ પરથી રહિત એવા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ; પછી અંતર્મુખ ઉપયોગ વડે તેને જ વારંવાર ભાવતાં રાગાદિ અલોપ થઈ જાય છે, ને તત્ક્ષણ ઉપશાંતરસની ધારા વરસે છે. –આનું નામ વીતરાગી સમાધિ છે. સમ્યગ્જ્ઞાન વગર આવી સમાધિ કે શાંતિ થાય નહિ.

જીવને શાંતિ માટે અંદરમાં ખટક જાગવી જોઈએ કે મારા આત્માને શાંતિ કઈ રીતે થાય? શાંતિના વેદન વગર બીજે ક્યાંય એને ચેન ન પડે. અરે જીવ! તારા આત્મા સિવાય બીજું કોઈ તને શરણ નથી. અંદર એક સમયમાં જ્ઞાનાનંદથી પરિપૂર્ણ સત્ એવો તારો આત્મા જ તને શરણ છે; તેને ઓળખ, ભાઈ!

બે સગા ભાઈ હોય; પાપ કરીને બેય નરકમાં એકસાથે ઉપજ્યા હોય. ત્યાં એક સમકિતી હોય, બીજો મિથ્યાદ્રષ્ટિ હોય. તેમાં સમકિતીને તો નરકની ઘોર પ્રતિકૂળતાની

વચ્ચે પણ ચૈતન્યની શાંતિનું અંશે વેદન પણ સાથે વર્તી રહ્યું છે; ને મિથ્યાદ્રષ્ટિ એકલા સંયોગોની સામે જોઈને દુઃખની વેદનામાં તરફડે છે...તેના ભાઈને પૂછે છે કે 'અરે ભાઈ! કોઈ શરણ? આ ઘોર દુઃખમાં કોઈ સહાયક? –કોઈ આ વેદનાથી છોડાવનાર? –હાય! આ અસહ્ય વેદનાથી કોઈ બચાવનાર? '

ત્યાં સમકિતી–ભાઈ કહે છે કે અરે બંધુ! કોઈ સહાયક નથી. અંદરમાં ભગવાન ચૈતન્ય જ આનંદથી ભરેલો છે, તેની ભાવના જ આ દુઃખથી બચાવનાર છે. ચૈતન્યભાવના વિના બીજું કોઈ દુઃખથી બચાવનાર નથી, બીજું કોઈ સહાયક નથી. આ દેહ ને આ પ્રતિકૂળ સંયોગો એ બધાયથી પાર ચૈતન્યસ્વરૂપી આત્મા છે, –આવા ભેદજ્ઞાનની ભાવના સિવાય જગતમાં કોઈ બીજાું તને દુઃખથી બચાવનાર નથી, કોઈ શરણ દેનાર નથી. માટે હે ભાઈ! એકવાર સંયોગને ભૂલી જા...ને અંદર ચૈતન્યતત્ત્વ આનન્દસ્વરૂપ છે તેની સન્મુખ જો. તે એક જ શરણ છે. પૂર્વે આત્માની દરકાર કરી નહિ, પાપ કરતાં પાછું વાળીને જોયું નહિ તેથી આ નરકમાં અવતાર થયો....હવે આ જ સ્થિતિમાં હજારો–લાખો વર્ષનું આયુષ્ય પૂરું કર્યે જ છૂટકો. સંયોગ નહિ ફરે, તારું લક્ષ ફેરવી નાંખ. સંયોગથી આત્મા જાુદો છે તેના ઉપર લક્ષ કર. સંયોગમાં તારું દુઃખ નથી; તારા આનંદને ભૂલીને તેં જ મોહથી દુઃખ ઊભું કર્યું છે, માટે એકવાર સંયોગને અને આત્માને ભિન્ન જાણીને, સંયોગની ભાવના છોડ ને ચૈતન્યની ભાવના કર. હું તો જ્ઞાનમૂર્તિ–આનંદમૂર્તિ છું, આ સંયોગ અને આ દુઃખ બંનેથી જુદો મારો આત્મસ્વભાવ જ્ઞાન–આનંદની મૂર્તિ છે. –આમ આત્માનો નિર્ણય કરીને ભાવના કરવી તે જ દુઃખના નાશનો ઉપાય છે.

ચૈતન્યની ભાવનામાં દુઃખ કદી પ્રવેશી શકતું નથી. "જ્યાં દુઃખ કદી ન પ્રવેશી શકતું ત્યાં નિવાસ જ રાખીએ" ...ચૈતન્યસ્વરૂપ આત્માની ભાવનામાં આનંદનું વેદન છે. તેમાં દુઃખનો પ્રવેશ નથી...એવા ચૈતન્યમાં એકાગ્ર થઈને નિવાસ કરવો તે જ દુઃખથી છૂટકારાનો ઉપાય છે. કષાયોથી સંતપ્ત આત્માને પોતાના શુદ્ધસ્વરૂપનું ચિંતન જ શાંતિ આપનાર છે. માટે 'જિનેન્દ્રબુદ્ધિ' શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે હે અંતરાત્મા! રાગ–દ્વેષાદિ વિભાવોની ઉત્પત્તિ અટકાવવા માટે સ્વસ્થ થઈને શાંતચિત્તે તારા શુદ્ધ આત્માની ભાવના કર...તેના ચિંતનથી તારા વિભાવો ક્ષણમાત્રમાં શાંત થઈ જશે.

અજ્ઞાની જીવોને સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પણ ચૈતન્યની ભાવના કરવી એ જ ઉપાય છે.–

**એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વો અનુભવ્યા.**

જેમ ધોમ તડકાથી સંતપ્ત પ્રાણીઓ વૃક્ષની શીતળ છાયાનો આશ્રય લે છે, તેમ આ સંસારના ઘોર સંતાપથી સંતપ્ત જીવોને ચિદાનંદસ્વભાવની શીતળ છાયા જ શરણરૂપ છે, તેના આશ્રયે જ શાંતિ થાય છે.

ધર્મી જાણે છે કે અહો! મારા ચૈતન્યવૃક્ષની છાયા એવી શાંત શીતળ છે કે તેમાં મોહસૂર્યના સંતપ્ત કિરણો પ્રવેશી શકતા નથી. માટે મોહજનિત વિભાવોના આતાપથી બચવા હું મારા શાંત–શીતળ–ઉપશાંત–આનંદઝરતા ચૈતન્યતત્ત્વની છાયામાં જ જાઉં છું, –એવા ચૈતન્યસ્વભાવની જ ભાવના કરું છું.

## જડ–શરીરનો પ્રેમ છોડ....જ્ઞાયકશરીરમાં પ્રેમ જોડ!


સમાધિશતક શ્લોક ૪૦ માં કહે છે કે હે જીવ! રાગ–દ્વેષના વિષયરૂપ જે અચેતન શરીર તેનો પ્રેમ છોડ, અને તેનાથી ભિન્ન એવા ઉત્તમ જ્ઞાયકશરીરી આત્મામાં પ્રેમ જોડ.

શુદ્ધાત્મસ્વરૂપમાં ચિત્ત જોડતાં તેનાથી બાહ્ય એવા શરીરાદિ પ્રત્યેનો સ્નેહ નષ્ટ થઈ જાય છે. ચૈતન્યના આનંદમાં જેનું ચિત્ત લાગ્યું તેનું ચિત્ત જગતના કોઈપણ વિષયમાં લાગતું નથી. ચૈતન્યના અતીન્દ્રિય આનંદરસ પાસે જગતના બધાય રસ તેને નીરસ લાગે છે; ચૈતન્યના ઉત્સાહ પાસે દેહાદિની ક્રિયા તરફનો ઉત્સાહ ઊડી જાય છે. જ્યાંસુધી આ જીવને પોતાના નિજાનંદમય નિરાકુળ શાંત ઉપવનમાં ક્રીડા કરવાનો અવસર નથી મળતો ત્યાંસુધી જ તે મળમૂત્ર અને માંસથી ભરેલા એવા આ અપવિત્ર શરીરમાં ને ઇંદ્રિયવિષયોમાં આસક્ત થઈને ક્રીડા કરે છે. પરંતુ પુરુષાર્થના અપૂર્વ અવસરે જ્યારે તે સમ્યગ્દર્શન પામે છે અને તેનું વિવેકજ્ઞાન જાગૃત થાય છે ત્યારે તે પોતાના ઉપશાંત ચૈતન્યવનમાં નિજાનંદમય સુધારસનું પાન કરવા લાગે છે, અને બાહ્ય ઇન્દ્રિયવિષયોને અત્યંત નીરસ, પરાધીન અને હેય સમજીને તેમનાથી અત્યંત ઉદાસીન થઈ જાય છે. વારંવાર ચૈતન્યના અનુભવમાં ઉપયોગ જોડતાં, બાહ્યપદાર્થો પ્રત્યેનો પ્રેમ સર્વથા છૂટીને તે વીતરાગ થઈ જાય છે, ને પછી પૂર્ણ પરમાનંદ પ્રગટ કરીને પરમાત્મા થઈ જાય છે. માટે હે મુમુક્ષુ! તું પણ તારા ચિત્તના ઉપયોગને વારંવાર ચૈતન્યસ્વરૂપમાં જોડ.

અહા, કોઈ ભાવલિંગી સંત–મુનિના સમાધિમરણનો અવસર હોય, આસપાસ બીજા મુનિઓ બેઠા હોય, ત્યારે વીતરાગી આરાધનાનો કોઈ અનેરો ઉત્સવ હોય છે. ત્યાં તે ક્ષપકમુનિને અનેક દિવસથી આહાર–પાણી છૂટી ગયા હોય, ગરમીના દિવસ હોય, ને

કોઈવાર તે મુનિને કદાચ પાણી પીવાની જરાક વૃત્તિ ઊઠી જાય ને પાણીને યાદ કરે... ત્યાં બીજા મુનિઓ તેને અત્યંત વાત્સલ્યથી વૈરાગ્યસંબોધન કરીને શૂરવીરતા જગાડે છે કે અરે મુનિરાજ! અંતરમાં જઈને નિર્વિકલ્પરસનાં પાણી પીઓ! અંતરમાં અતીન્દ્રિય આનંદના સાગરમાંથી અમૃત પીઓ....ને આ પાણીની વૃત્તિ છોડો....અત્યારે સમાધિનો અવસર છે. અનંતવાર દરિયા ભરાય એટલાં જળ પીધાં...છતાં તૃષા ન છીપી...માટે એ પાણીને ભૂલી જાઓ....ને અંતરના નિર્વિકલ્પ અમૃતનું પાન કરો....આરાધનામાં શૂરવીર થઈને નિર્વિકલ્પ આનંદમાં લીન થાઓ. અત્યારે તેનો અવસર છે.

તે મુનિરાજ પાણીની વૃત્તિ તોડીને અતીન્દ્રિય આનંદના નિર્વિકલ્પ અમૃત પીએ છે.




નિર્વિકલ્પ–ચૈતન્યગૂફામાંથી ઝરતા આનંદમયજ્ઞાનસુધારસને ભેદજ્ઞાનરૂપી ખોબા ભરીભરીને મુનિવરો પીએ છે.

निर्विकल्पसमुत्पन्नं ज्ञानमेव सुधारसम्
विवेकंअंजुलिंकृत्वा तत्पिबंति तपस्विन:

[ સમાધિમરણની તૈયારીવાળા ક્ષપકમુનિને રત્નત્રયની અખંડ આરાધનામાં ઉત્સાહિત કરવા, અને ઉપસર્ગ–પરિષહાદિથી રક્ષા કરવા, બીજા મુનિરાજ વીતરાગ ઉપદેશરૂપી બખ્તર પહેરાવે છે; તેનું અદ્ભુત ભાવભીનું વર્ણન ભગવતીઆરાધનાના ‘કવચ’ અધિકારમાં શિવકોટિ આચાર્યદેવે કર્યું છે. તે ભાવભીના પ્રસંગનું વર્ણન વાંચતા જાણે આરાધક મુનિવરોનો સમૂહ નજર સામે જ બેઠો હોય, ને મુનિરાજ આરાધનાના ઉપદેશની કોઈ અખંડ ધારા વહેવડાવી રહ્યા હોય એવી ઊર્મિઓ જાગે છે, ને એ આરાધક સાધુ ભગવંતો પ્રત્યે હૃદય નમી પડે છે; આરાધના પ્રત્યે અચિંત્ય મહિમા અને બહુમાન જાગે છે. વિશેષ વર્ણન માટે ‘શૂરવીર સાધક’ નામનું પુસ્તક વાંચો ]

રાગ–દ્વેષ ટાળવાનો ઉપાય શું ?

–કે ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ રાગ–દ્વેષને ટાળવાનો ઉપાય છે. આ

સિવાય બાહ્ય પદાર્થો તરફ વલણ રાખીને રાગ–દ્વેષ ટાળવા માંગે તો તે કદી ટળી શકે નહીં. પહેલાં તો દેહાદિથી ભિન્ન ને રાગાદિથી પણ પરમાર્થે ભિન્ન એવા ચિદાનંદસ્વરૂપનું ભાન કર્યું હોય, તેને જ તેમાં ઉપયોગની લીનતા થાય. પરંતુ જે જીવ દેહાદિની ક્રિયાને પોતાની માનતો હોય, કે રાગથી લાભ માનતો હોય તેનો ઉપયોગ તે દેહથી ને રાગથી પાછો ખસીને ચૈતન્યમાં વળે જ ક્યાંથી? જ્યાં લાભ માને ત્યાંથી પોતાના ઉપયોગને કેમ ખસેડે?–ન જ ખસેડે. માટે ઉપયોગને પોતાના ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર કરવા ઈચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યંત ભિન્ન જાણવું જોઈએ. જગતના કોઈ પણ બાહ્ય વિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાંતિ નથી, અનંતકાળ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું. જગતમાં ક્યાંય પણ મારું સુખ હોય તો તે મારા નિજસ્વરૂપમાં જ છે, બીજે કયાંય નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને, મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. –આવા દ્રઢ નિર્ણયપૂર્વક ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને અંતર્સ્વરૂપમાં જોડે છે.

આ રીતે ઉપયોગને અંતર્સ્વરૂપમાં જોડવો તે જ જિનઆજ્ઞા છે, તે જ આરાધના છે, તે જ સમાધિ છે, તે જ સુખ છે ને તે જ મોક્ષનો પંથ છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેને ભૂલીને દેહાદિકમાં આત્મબુદ્ધિરૂપ જે વિભ્રમ છે તે જ દુઃખનું મૂળ છે. તે આત્મવિભ્રમથી થયેલું દુઃખ આત્મજ્ઞાનવડે જ દૂર થાય છે. 'દેહાદિકથી ભિન્ન જ્ઞાનદર્શનસ્વરૂપ જ હું છું, બીજું કાંઈ મારું નથી' –એવા આત્મજ્ઞાન વગર દુઃખ મટવાનો બીજો કોઈ ઉપાય નથી. આવા આત્મજ્ઞાન વગર ઘોર તપ કરે તોપણ જીવ નિર્વાણપદને પામતો નથી.

જેઓ આત્મજ્ઞાનનો પ્રયત્ન કરે છે તેઓ જ દુઃખથી છૂટે છે. જેઓ આત્મજ્ઞાનનો પ્રયત્ન નથી કરતા તેઓ દુઃખથી છૂટતા નથી.

જુઓ, આ શાસ્ત્રકર્તા શ્રી પૂજ્યપાદસ્વામીએ તત્ત્વાર્થસૂત્ર ઉપર 'સર્વાર્થસિદ્ધિ' નામની મહાન ટીકા રચી છે; તેઓ કહે છે કે આત્માનો વિભ્રમ તે જ દુઃખનું કારણ છે; કર્મના કારણે દુઃખ છે એમ ન કહ્યું, પણ આત્મજ્ઞાનનો પ્રયત્ન પોતે નથી કરતો તેથી જ દુઃખ છે. 'કર્મ' બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' –પોતાની ભૂલથી જ આત્મા દુઃખી થાય છે, કર્મ બિચારું શું કરે? પોતે જ આત્મજ્ઞાનનો યત્ન નથી કરતો તેથી દુઃખ છે, છતાં અજ્ઞાની કર્મનો વાંક કાઢે છે કે કર્મ દુઃખ આપે છે, –પોતાનો વાંક બીજા ઉપર ઢોળે છે–તે અનીતિ છે, તે જૈનનીતિને જાણતો નથી. જો જિનધર્મને જાણે તો આવી

અનીતિ સંભવે નહીં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે "તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી એ જીવનો જ દોષ છે...જીવ પોતે તો મહંત રહેવા ઈચ્છે છે અને પોતાનો દોષ કર્માદિકમાં લગાવે છે. પણ જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ" ...એટલે કે જે પોતાનો દોષ કર્મ ઉપર ઢોળે છે તે જીવ જિનાજ્ઞાથી બહાર છે.

આત્મજ્ઞાન વગર રાગાદિક ખરેખર ઘટે જ નહિ. પહેલાં આત્મજ્ઞાન કરે પછી તેમાં લીનતાવડે રાગાદિક ઘટતાં વ્રત–તપ ને મુનિદશા થાય છે. પં. ટોડરમલ્લજી પણ કહે છે કે જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વ–પરનું શ્રદ્ધાન થતાં જાય છે, માટે પહેલાં દ્રવ્યાનુયોગ–અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દ્રષ્ટિ થાય અને પછી ચરણાનુયોગ–અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય.

ભાઈ! તારે આત્માની શાંતિ જોઈતી હોય...અતીન્દ્રિય આનંદ જોઈતો હોય ને દુઃખને દૂર કરવું હોય તો તારા આત્મજ્ઞાનનો ઉદ્યમ કર...આત્મજ્ઞાન તે એક જ શાંતિનો ને આનંદનો ઉપાય છે, તે જ ઉપાયથી દુઃખ ટળે છે, બીજા કોઈ ઉપાયથી દુઃખ ટળતું નથી. છહઢાળામાં કહ્યું છે કે–

**"જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ,**
**યહ પરમામૃત જન્મ-જરા-મૃતુ રોગ નિવારણ."**

વળી તેમાં જ કહે છે કે–

**"મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઊપજાયો,**
**પૈ નિજઆતમજ્ઞાન વિન સુખ લેશ ન પાયો."**

આત્મજ્ઞાન વગર એકલા શુભરાગથી પંચમહાવ્રત પાળીને ઠેઠ નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં ગયો, તોપણ ત્યાં જરાય સુખ ન પામ્યો, માત્ર દુઃખ જ પામ્યો. અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે, ને મોક્ષને માટે નિષ્ફળ છે; ને જ્ઞાનીની જે ધર્મક્રિયા છે તે સંસારને માટે નિષ્ફળ છે ને મોક્ષને માટે સફળ છે. જેને અંતરમાં સ્વસન્મુખ પ્રયત્ન નથી તે પરસન્મુખ જેટલો પ્રયત્ન કરે તેનું ફળ દુઃખ અને સંસાર જ છે. આત્મસ્વભાવમાં સ્વસન્મુખ પ્રયત્નથી જ સુખ અને શાંતિ થાય છે; માટે સંતો વારંવાર કહે છે કે–

**અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો**

# સ્વભાવનો સ્વીકાર તરત જ ફળ આપે છે

**[ ગુરુદેવે પ્રવચનમાં કહેલ ષટ્‌ખંડાગમનો સુંદર ન્યાય ]**

**પર્યાયમાં દુઃખ વખતેય આત્મામાં સુખસ્વભાવ હોવાનો વિરોધ નથી. પર્યાયમાં અજ્ઞાન હોવા છતાં આત્મામાં સર્વજ્ઞસ્વભાવ હોવાનો વિરોધ નથી. પર્યાયમાં મિથ્યાત્વ વખતેય આત્મામાં સમ્યક્‌ત્વસ્વભાવ હોવાનો વિરોધ નથી. પર્યાયમાં રાગ વખતેય આત્મામાં વીતરાગ-ચારિત્રસ્વભાવ હોવાનો વિરોધ નથી. -પણ તે સ્વભાવનો સ્વીકાર કરતાં જ પર્યાયમાં તેનું ફળ આવે છે એટલે મિથ્યાત્વાદિ રહેતા નથી ને સમ્યક્‌ત્વાદિ થાય છે.**

પર્યાયમાં દુઃખ–મિથ્યાત્વાદિ હોવા છતાં તે જ વખતે સુખ વગેરે સ્વભાવથી ભરેલો આત્મા તો ત્રિકાળમંગળસ્વરૂપ છે; ને એવા મંગળરૂપ આત્માનો સ્વીકાર કરનારને પોતાની પર્યાયમાં મિથ્યાત્વાદિ અમંગળભાવો ટળીને સમ્યક્‌ત્વાદિ મંગળભાવો વર્તે છે.

મિથ્યાત્વાદિ અવસ્થા વખતે જ્ઞાનસ્વભાવી આત્માને મંગળ કહ્યો તેથી કાંઈ મિથ્યાત્વાદિ ભાવોને મંગળપણું થઈ જતું નથી. આ સંબંધી ષટ્‌ખંડાગમના મંગલાચરણમાં વીરસેનસ્વામીએ ઘણી સરસવાત સમજાવી છે. –( પુસ્તક ૧, પાનું ૩૫ થી ૩૯ ) ત્યાં આચાર્યદેવ કહે છે કે દ્રવ્યાર્થિકનયે જ્ઞાનદર્શનસ્વભાવરૂપ જીવદ્રવ્ય અનાદિઅનંત મંગળ છે કેમકે ભાવિ કેવળજ્ઞાનાદિ મંગળપર્યાયોથી તે અભિન્ન છે.

- ત્યાં શિષ્ય શંકા કરે છેઃ જો એ રીતે જીવદ્રવ્યને ત્રિકાળ મંગળ કહેશો તો, મિથ્યાદ્રષ્ટિઅવસ્થામાં રહેલા ‘જીવને’ પણ મંગળપણું પ્રાપ્ત થઈ જશે ?
- ‘વાહ ! એવો પ્રસંગ તો અમને ઇષ્ટ છે’ એમ કહીને આચાર્યદેવ ખુલાસો કરે છે કે–તેથી કરીને કાંઈ મિથ્યાત્વાદિ ભાવોને મંગલપણું સાબિત નથી થઈ જતું, –કેમકે તે મિથ્યાત્વાદિ ભાવોમાં જીવત્વ નથી, ‘उनमें जीवत्व नहीं पाया जाता;’ મંગલ તો જીવ છે અને તે જીવ કેવળજ્ઞાનાદિ અનંત ધર્મસ્વરૂપ છે તે સ્વભાવથી જોતાં આત્મા ત્રિકાળ મંગળરૂપ છે.

પોતામાં ત્રિકાળસ્વભાવનું આવું અસ્તિત્વ જેને ભાસ્યું તેને જ્ઞાનાદિસ્વભાવો અને મિથ્યાત્વાદિભાવો તદ્દન જુદા પડી જાય છે એટલે તેને પર્યાયમાં પણ તેવો સ્વભાવભાવ પ્રગટ પરિણમવા લાગે છે, તેથી તેને પોતાને માટે તો ત્રિકાળ તેમજ વર્તમાન બંને મંગળ છે.

ત્રિકાળમંગળ સ્વભાવને સ્વીકારે ને વર્તમાન પર્યાય મંગળરૂપ ન થાય એમ બને નહિ.
ત્રિકાળ સુખસ્વભાવને સ્વીકારે ને પર્યાય સુખરૂપ ન થાય એમ બને નહિ.
ત્રિકાળ સમ્યક્ત્વસ્વભાવને સ્વીકારે ને પર્યાયમાં સમ્યક્ત્વ ન થાય એમ બને નહિ.

આત્માના સ્વભાવને ત્રિકાળમંગળ કહ્યો તેથી કાંઈ તેની પર્યાયના મિથ્યાત્વરાગાદિ ભાવોને પણ મંગળપણું થઈ જતું નથી. પર્યાયમાં અશુદ્ધતા વખતે પણ દ્રવ્યસ્વભાવમાં તે જ વખતે શુદ્ધતા ને મંગળપણું બતાવીને, સ્વભાવ અને પરભાવની ભિન્નતા સિદ્ધ કરી છે; તે ભિન્નતાનું ભેદજ્ઞાન થતાં જ જીવને પોતામાં સમ્યક્ત્વાદિ મંગળભાવો પ્રગટ થઈ જાય છે.

- પર્યાયમાં મિથ્યાત્વ હોવા છતાં આત્મામાં સમ્યક્ત્વસ્વભાવ ત્રિકાળ છે–એમ જેણે નક્કી કર્યું તેને પોતાની પર્યાયમાં મિથ્યાત્વ રહેતું નથી, સમ્યક્ત્વ હોય છે.
- એ જ રીતે અજ્ઞાનપર્યાય વખતે પણ આત્મામાં જ્ઞાનસ્વભાવ છે એમ જ્ઞાનસ્વભાવ નક્કી કરનારને પર્યાયમાં અજ્ઞાન રહેતું નથી, સમ્યગ્જ્ઞાન થઈ જાય છે.
- એ જ રીતે કષાય વખતે પણ આત્મામાં અકષાય–શાંતસ્વભાવ વિદ્યમાન છે–એમ નક્કી કરનારને પર્યાયમાં એકલો કષાય રહેતો નથી, કષાય વગરનું અતીન્દ્રિય શાંતિનું વેદન તેને ચાલુ થઈ જાય છે.

આમ સ્વભાવના સ્વીકારની સાથે જ તેનું સમ્યક્ફળ આવી જાય છે એટલે કે સર્વ ગુણોમાં સ્વભાવનું કાર્ય શરૂ થઈ જાય છે.

–એ જ છે સમ્યક્ત્વ ને એ જ છે સાધકદશા!

**અહા, આત્માના સ્વસંવેદન-પ્રત્યક્ષનું કોઈ અપાર સામર્થ્ય છે; સ્વસંવેદનથી અંતરમાં ચૈતન્યરસ ચાખ્યા પછી હવે અમારું ચિત્ત બીજે ક્યાંય લાગતું નથી. ચૈતન્યરસના સ્વાદ પાસે આખું જગત નીરસ લાગે છે.**

# અધ્યાત્મરસ–ઘોલન

## ભવ્યજનોને આનંદજનની વૈરાગ્ય–અનુપ્રેક્ષા

[ શ્રી કાર્તિકસ્વામીરચિત બાર અનુપ્રેક્ષાનો ગુજરાતી અનુવાદઃ લે ૨ ]

## * ૨. અશરણ-અનુપ્રેક્ષા *

[ આ અધિકારમાં ૨૩ થી ૩૧ સુધીની નવ ગાથાઓ દ્વારા, જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય સિવાય આ સંસારમાં બીજુ કોઈ જ શરણ નથી, કોઈ તેને મરણથી બચાવવા સમર્થ નથી-એમ અશરણપણું બતાવીને, રત્નત્રયનું શરણ લઈને તેની આરાધનાનો ઉપદેશ આપ્યો છે. ]

*******

(૨૩) જે સંસારમાં દેવોના સ્વામી ઇન્દ્રનો પણ વિનાશ થતો દેખાય છે, તથા જ્યાં નારાયણ–બ્રહ્મા–ચક્રવર્તી વગેરે મોટી મોટી પદવીના ધારક પણ કાળનો કોળિયો થઈ જાય છે, તે સંસારમાં જીવને શરણરૂપ કોણ છે? કોઈ જ શરણ નથી.

(૨૪) જેમ સિંહના પંજામાં ફસાયેલા હરણિયાને કોઈ બચાવનાર નથી, તેમ મૃત્યુના પંજામાં પડેલા જીવને બચાવવા કોઈ સમર્થ નથી.

(૨૫) જો મરણ પામતા મનુષ્યને કોઈ દેવ–મંત્ર–તંત્ર કે ક્ષેત્રપાલ વગેરે બચાવી શકતા હોત તો મનુષ્યો અમર થઈ જાત, –કોઈ મરતે જ નહિ.

(૨૬) આ સંસારમાં અત્યંત બળવાન તથા ભયાનક, અને રક્ષાના અનેક પ્રકાર વડે નિરંતર જેની રક્ષા કરવામાં આવતી હોય તેવા હોવા છતાં મરણ વગરના તો કોઈ દેખાતા નથી.

(૨૭) એ પ્રમાણે અશરણપણું પ્રત્યક્ષ દેખાતું હોવા છતાં પણ મૂઢજીવો અત્યંતગાઢ મિથ્યાત્વને લીધે સૂર્યાદિ ગ્રહોનું, ભૂત–પિશાચ–વ્યંતરનું, યોગિનીનું, ચંડિકાનું તથા મણિભદ્ર વગેરે યક્ષનું શરણ માને છે.

(૨૮) આયુકર્મના ક્ષયથી મરણ થાય છે; અને તે આયુકર્મ કોઈ કોઈને દેવા સમર્થ નથી; માટે દેવેન્દ્ર પણ મરણથી કોઈને બચાવી શકતા નથી.

( ૨૯ ) જો દેવોના ઇન્દ્ર પોતાને પણ સ્વર્ગના ચ્યવનથી ( –મરણથી ) બચાવી શકતો હોત તો, સર્વોત્તમ ભોગથી સંયુક્ત એવા સ્વર્ગલોકના વાસને તે શા માટે છોડત ?

( ૩૦ ) હે ભવ્ય ! તું પરમ શ્રદ્ધાપૂર્વક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કર...એ જ તને શરણરૂપ છે. આ સંસારમાં ભ્રમણ કરતા જીવોને એના સિવાય બીજાું કોઈ પણ શરણરૂપ નથી.

( ૩૧ ) આત્માને ઉત્તમ ક્ષમાદિભાવરૂપે પરિણમાવવો તે શરણ છે; તીવ્ર કષાયયુક્ત જીવ સ્વયં પોતે જ પોતાના આત્માને હણે છે.

વસ્તુસ્વરૂપ વિચારતાં શરણ આપને આપ;
વ્યવહારે પંચ-પરમગુરુ, અન્ય સકલ સંતાપ.

[ બીજી અશરણઅનુપ્રેક્ષા સમાપ્ત ]

આસ્રવ જીવનિબદ્ધ અધ્રુવ શરણહીન અનિત્ય છે;
એ દુઃખ દુઃખફળ જાણીને, એનાથી જીવ પાછો વળે.
-શ્રી કુંદકુંદસ્વામી.

## 卐 ૩. સંસાર-અનુપ્રેક્ષા 卐

[ આ ત્રીજી સંસારઅનુપ્રેક્ષામાં ( ગા. ૩૨ થી ૭૩ ) ગાથાઓ દ્વારા, મિથ્યાત્વ સંયુક્તજીવ ચારગતિમાં કેવાકેવા દુઃખો સહન કરે છે તેનું વર્ણન કરીને, તેનાથી છૂટવા માટે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યાવવાનો ઉપદેશ આપ્યો છે. ]

*******

( ૩૨–૩૩ ) મિથ્યાત્વ અને કષાયથી સંયુક્ત જીવ એક શરીરને છોડીને બીજાું ગ્રહણ કરે છે; વળી તેને પણ છોડીને નવા–નવા શરીરને ગ્રહણ કરે છે, એમ ફરીફરીને વારંવાર એક શરીરને છોડે છે ને અન્યને ગ્રહણ કરે છે. –આ રીતે, મિથ્યાત્વ અને કષાયથી સંયુક્ત જીવને અનેક દેહોમાં જે સંસરણ થાય છે તેને જ સંસાર કહેવાય છે.

### [ નરકગતિનાં દુઃખોનું વર્ણન ]

( ૩૪ ) જીવ પાપના ઉદયથી નરકમાં જાય છે અને ત્યાં ઘણાં દુઃખો સહન કરે છે; બીજા

કોઈ દુઃખો વડે જેનું માપ ન થઈ શકે એવા અનુપમ, પાંચપ્રકારના વિવિધ દુઃખોને તે ભોગવે છે.

( ૩૫ ) અસુરદેવો દ્વારા ઉપજાવેલું, પોતાના શરીરથી ઉપજેલું, અનેક પ્રકારનું માનસિક, નરકક્ષેત્રથી ઉત્પન્ન થયેલું અને નારકીઓદ્વારા પરસ્પર કરવામાં આવેલું, –આ રીતે પાંચપ્રકારના ભયંકર દુઃખોને નારકી જીવ ભોગવે છે.

( ૩૬ ) નરકમાં તેને છેદીને તલ–તલ જેવડા કટકા કરી નાંખે છે, અને વળી તે તલ–તલ જેવડા ટુકડાને ભેદી નાંખે છે, ભયાનક વજ્રાગ્નિમાં તેને બાફી નાંખે છે અને દુર્ગંધી પરૂના કુંડમાં ફેંકી દે છે.

( ૩૭ ) એવા જે અનેક દુઃખો નરકમાં એકસમયે જીવ સહન કરે છે તે બધા દુઃખોનું વર્ણન હજાર જીભ વડે પણ થઈ શકતું નથી.

( ૩૮ ) નરકક્ષેત્રનો સ્વભાવ જ એવો છે કે ત્યાંની બધી વસ્તુઓ અશુભ અને દુઃખદેનારી છે; અને નારકી જીવો સદાકાળ એકબીજા ઉપર કૃપિત રહ્યા કરે છે–એટલે દુઃખ દીધા કરે છે.

( ૩૯ ) અન્ય ભવમાં જેઓ આ જીવના સ્વજન હતા તેઓ પણ નરકમાં અત્યંત ક્રોધી થઈને હણે છે. –એ પ્રમાણે નરકમાં તીવ્રવિપાકના દુઃખને જીવ ઘણાકાળ સુધી સહન કરે છે. ( નારકીને પાંચ કરોડ, અડસઠ લાખ, નવ્વાણું હજાર પાંચસો ચોરાશી ૫, ૬૮, ૯૯, ૫૮૪ રોગો અને બીજા અનેક દુઃખોનો તીવ્ર વિપાક હોવાનું આ ગાથાની સંસ્કૃત ટીકામાં લખ્યું છે. )

## [ તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન ]

( ૪૦ ) જીવ તે નરકમાંથી નીકળીને અનેક પ્રકારનાં તિર્યંચપણે જન્મે છે, અને ત્યાં પણ ગર્ભઅવસ્થામાં જ છેદન વગેરે દુઃખો પામે છે.

( ૪૧ ) વળી બીજા તિર્યંચો તેને ખાઈ જાય છે, દુષ્ટ શિકારી વગેરે મનુષ્યો તેને હણી નાંખે છે, એમ સર્વત્ર સંતપ્ત વર્તતો થકો તે ભયાનક દુઃખોને સહન કરે છે.

( ૪૨ ) વળી તે તિર્યંચો પરસ્પર એક બીજાથી ભક્ષિત થઈને દારૂણ દુઃખને પામે છે. અરે, જેના ગર્ભમાં ઉપજ્યો એવી માતા પોતે પણ જ્યાં પુત્રને ખાઈ જાય, ત્યાં બીજું કોણ રક્ષા કરે ? ( –આવો અશરણ સંસાર છે )

( ૪૩ ) તે તિર્યંચગતિમાં જીવ તીવ્ર તૃષાવડે તરસ્યો અને તીવ્ર ક્ષુધાવડે ભૂખ્યો થઈને, ઉદરાગ્નિ થી બળતો થકો તીવ્ર દુઃખ પામે છે.

( ૪૪ ) પૂર્વોક્ત પ્રકારે તિર્યંચ યોનિમાં જીવ અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. માંડમાંડ તે તિર્યંચગતિમાંથી નીકળીને મનુષ્ય થાય તો તે લબ્ધિ–અપર્યાપ્ત થાય છે, એટલે કે શરીરાદિની રચના પૂરી થયા પહેલાં જ મરી જાય છે.

## [ મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન ]

( ૪૫ ) અથવા કદાચિત ગર્ભવિષે ઉપજે તો ત્યાં પણ માતાના પેટમાં અંગ–પ્રત્યંગ અત્યંત સંકોચાઈને રહે છે, તથા યોનિમાંથી બહાર નીકળતાં પણ તીવ્ર દુઃખને પામે છે.

( ૪૬ ) ગર્ભમાંથી નીકળ્યા પછી, બાલ્યઅવસ્થામાં જ માતા–પિતા મરી જતાં બીજાનું એઠું–જુઠું ખાઈને જીવે છે, એ રીતે ભીખારી થઈને ઘણા દુઃખમાં કાળ ગુમાવે છે.

( ૪૭ ) આ લોકમાં સર્વ જીવો પોતાના દુષ્કર્મને વશ પાપના ઉદયથી આવા દુઃખો ભોગવે છે, છતાં ફરીથી પાછા પાપ જ કરે છે, કોઈ પુણ્યઉપાર્જન કરતા નથી.

( ૪૮ ) જે સમ્યગ્દ્રષ્ટિ છે, વ્રતધારી છે, ઉત્તમક્ષમાદિરૂપ ઉપશમભાવ સહિત છે તથા પોતાના દોષની નિંદા–ગર્હણા સહિત છે–એવા કોઈ વિરલા જીવો જ પુણ્ય ઉપાર્જન કરે છે.

( ૪૯ ) આ સંસારમાં પુણ્યવંત જીવોને પણ ઇષ્ટનો વિયોગ તથા અનિષ્ટનો સંયોગ થતો દેખાય છે. જુઓ, અભિમાન સહિત એવો ભરત ચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલીવડે પરાજીત થયો.

( ૫૦ ) આ સંસારમાં સકલ વિષય–સામગ્રીનો યોગ મહાપુણ્યવંતને પણ સર્વાંગપણે મળતો નથી,–બધી જ ઇષ્ટસામગ્રી મહા પુણ્યવંતને પણ નથી મળતી; કેમકે સંસારમાં એવું કોઈ પુણ્ય જ નથી કે જેનાથી બધું જ મનોવાંછિત મળે, ને સર્વદા રહે.

( ૫૧–૫૪ ) કોઈ મનુષ્યને તો સ્ત્રી નથી; કોઈને સ્ત્રી છે તો પુત્રની પ્રાપ્તિ નથી; અને કોઈને પુત્રની પ્રાપ્તિ છે તો શરીરમાં રોગ છે. વળી જો કોઈને નીરોગી શરીર હોય તો ધન–ધાન્યની પ્રાપ્તિ નથી; અને જો ધન–ધાન્યની પણ પ્રાપ્તિ થઈ જાય તો મરણ જલ્દી આવી પડે છે.

વળી કોઈને તો સ્ત્રી દુષ્ટ છે; કોઈનો પુત્ર દુર્વ્યસનમાં પડેલો છે, કોઈના બંધુજનો દુશ્મન જેવા છે અને કોઈની પુત્રી દૂરાચારિણી છે. કોઈનો સુપુત્ર મરી જાય છે, કોઈની વહાલી સ્ત્રી મરી જાય છે, અને કોઈના ઘર–કુટુંબ વગેરે અગ્નિમાં બળી જાય છે.

(૫૫) એ રીતે મનુષ્યગતિમાં અનેક પ્રકારનાં દુઃખોને સહન કરતો હોવા છતાં પણ જીવ ધર્મમાં બુદ્ધિ જોડતો નથી અને પાપરંભને છોડતો નથી.

(૫૬) ધનસહિત હોય તે તો નિર્ધન થઈ જાય છે, વળી ધનહીન હોય તે ઐશ્વર્યવાન બની જાય છે; રાજા હોય તે સેવક થઈ જાય છે ને વળી સેવક હોય તે રાજા થઈ જાય છે.

(૫૭) કર્મના વિપાકને વશ, જે શત્રુ હોય તે પણ મિત્ર થઈ જાય છે, તેમજ જે મિત્ર હોય તે શત્રુ બની જાય છે,–એવો જ સંસારનો સ્વભાવ છે.

## [ દેવગતિનાં દુઃખોનું વર્ણન ]

(૫૮) વળી સંસારમાં ભમતાં જીવ ક્યારેક દેવ પણ થાય તો ત્યાંય વિશેષ ઋદ્ધિવાળા દેવોની ઋદ્ધિ–સંપત્તિ દેખીને તેને માનસિક દુઃખ થાય છે.

(૫૯) વિષયોની તૃષ્ણાને લીધે મહર્દ્ધિક દેવોને પણ ઇષ્ટવિયોગનું દુઃખ થાય છે. અરેરે, સંસારમાં જેનું સુખ વિષયોને આધીન છે તેને તૃપ્તિ ક્યાંથી થાય?

(૬૦) શારીરિકદુઃખ કરતાં માનસિકદુઃખ ઘણું આકરું હોય છે. માનસિક દુઃખવાળા જીવને વિષયો પણ દુઃખદાયક થઈ પડે છે.

(૬૧) મનોહર વિષયો વડે દેવોને જે સુખ દેખાય છે તે પણ વિચાર કરતાં દુઃખ જ છે; કેમકે વિષયોને વશ જે સુખ છે તે પણ દુઃખનું જ કારણ છે.

(૬૨) એ રીતે પરમાર્થથી વિચાર કરતાં, સર્વ પ્રકારે અસાર અને ઘોર દુઃખના સાગર એવા સંસારમાં શું કોઈને ક્યાંય જરા પણ સુખ છે? –ના.

(૬૩) હે પ્રાણીઓ! તમે મોહનું માહાત્મય તો દેખો! –કે દુષ્કૃત કર્મને વશ રાજા પણ મરીને અશુચી–વિષ્ટામાં કીડો થાય છે, અને તે વિષ્ટામાં જ તે રતિ કરે છે.

(૬૪–૬૫) દેખો સંસારની વિચિત્રતા! જે પુત્ર હતો તે ભાઈ થયો; તે જ ભાઈ દીયર પણ થયો; માતા તે જ શોક્ય થઈ અને પિતા તે પતિ થયો.–એક જીવને એક ભવમાં જ આટલા સંબંધ થાય છે; તો ધર્મરહિત જીવોને અન્ય ભવનું તો કહેવું જ શું?

[ અહીં કમલા ( વસંતતિલકાની પુત્રી ) ને માતા સાથે છ સગાઈ, ભાઈ સાથે છ સગાઈ, અને સાવકા પુત્ર સાથે છ સગાઈ,–એમ એક જીવને એક જ ભવમાં ૧૮ સંબંધની કથા ટીકામાં લખી છે. ]

( ૬૬ ) સંસાર–પરિભ્રમણ પાંચ પ્રકારનું છેઃ ( ૧ ) દ્રવ્યથી, ( ૨ ) ક્ષેત્રથી, ( ૩ ) કાળથી, ( ૪ ) ભવભ્રમણથી અને ( ૫ ) ભાવસંસાર.

( ૬૭ ) મિથ્યાત્વ અને કષાયથી સંયુક્ત જીવ, અનેક પ્રકારનાં કર્મરૂપ પુદ્‌ગલોને તેમજ નોકર્મરૂપ પુદ્‌ગલોને સમયેસમયે બાંધે છે તથા છોડે છે. ( તે દ્રવ્યપરિવર્તનરૂપ સંસાર છે. ૧ )

( ૬૮ ) આ સમસ્ત લોકાકાશના પ્રદેશોમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં સર્વે જીવો ઘણીવાર જન્મ્યા તથા મર્યા ન હોય. ( આ ક્ષેત્રપરિવર્તનરૂપ સંસાર છે. ૨ )

( ૬૯ ) ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળના પ્રથમ સમયથી માંડીને છેલ્લા સમય પર્યંત અનુક્રમે બધા સમયોમાં સંસારીજીવ જન્મે છે તથા મરે છે. ( આ કાળપરિવર્તનરૂપ સંસાર છે. ૩ )

( ૭૦ ) સંસારીજીવ નરકાદિ ચારેગતિમાં જઘન્યસ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટસ્થિતિ પર્યંત સર્વે સ્થિતિમાં ગ્રૈવેયક સુધી જન્મે છે. ( આ ભવપરિવર્તનરૂપ સંસાર છે. ૪ )

( ૭૧ ) ભાવસંસારમાં વર્તતો સંજ્ઞી જીવ સ્થિતિબંધના નિમિત્તભૂત તથા અનુભાગબંધના નિમિત્તભૂત વિવિધ કષાયભાવોરૂપે પરિણમે છે. ( તે ભાવપરિવર્તનરૂપ સંસાર છે. ૫ )

( ૭૨ ) એ પ્રમાણે જેમાં અનેક દુઃખો ભરેલા છે એવા પંચ પ્રકારના પરિભ્રમણરૂપ સંસારમાં મિથ્યાત્વના દોષને લીધે જીવ અનાદિકાળથી ભ્રમણ કરે છે.

( ૭૩ ) આ પ્રમાણે સંસારનું સ્વરૂપ જાણીને, સર્વપ્રકારના ઉદ્યમ વડે મોહને છોડીને, હે ભવ્ય જીવો! તમે પોતાના તે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યાવો કે જેથી સંસારભ્રમણનો નાશ થાય.

પંચવિધ છે ભ્રમણ જ્યાં દુઃખરૂપ સંસાર;
મિથ્યા તમ-નિજદોષથી ભમતો જીવ અપાર.

( ત્રીજી સંસાર-અનુપ્રેક્ષા પૂરી થઈ. )[ લેખમાળાઃ ચાલુ ]

મિથ્યાત્વ આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,
સમ્યક્ત્વઆદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે.
- શ્રી કુંદકુંદસ્વામી

## * ગુજરાતી–સાહિત્ય *

### [ જે ઉપલબ્ધ છે ]

| | |
|---|---|
| આત્મધર્મ ( વાર્ષિક લવાજમ ) | ૬–૦૦ |
| મંગલતીર્થયાત્રા ( સચિત્ર ) | ૬–૦૦ |
| સમયસાર–પ્રવચન ભાગ ૧ | ૪–૦૦ |
| આત્મવૈભવ ( ૪૭ શક્તિપ્રવચન ) | ૩–૫૦ |
| આત્મભાવના ( સમાધિશતકપ્રવચન ) | ૩–૨૫ |
| આત્મસિદ્ધિપ્રવચન | ૩–૨૫ |
| અનુભવપ્રકાશ–પ્રવચનો | ૨–૫૦ |
| પુરુષાર્થસિદ્ધિઉપાય | ૨–૦૦ |
| મોક્ષમાર્ગ–પ્રકાશકનાં કિરણો ભા. ૨ | ૧–૬૫ |
| સમ્યગ્જ્ઞાન–દીપિકા | ૧–૫૦ |
| સમ્યગ્દર્શન ભાગ–૫ | ૧–૫૦ |
| સમ્યગ્દર્શન ભાગ–૬ | ૩–૦૦ |
| શ્રી જિનેન્દ્ર–સ્તવનમંજરી | ૨–૦૦ |
| શ્રી જિનેન્દ્ર–ભજનમાળા | ૧–૨૫ |
| શ્રી જિનેન્દ્ર સ્તવનાવલી | ૧–૦૦ |
| શ્રી કાનજીસ્વામી ( જીવનપરિચય ) | ૧–૦૦ |
| બૃહદ્દ્રવ્યસંગ્રહ | ૪–૦૦ |
| નિયમસાર–શાસ્ત્ર | ૫–૫૦ |
| પરમાગમ–પ્રતિષ્ઠામહોત્સવનું વર્ણન | ૧–૨૫ |
| પંચપરમાગમની પ્રસાદી | ૨–૫૦ |
| નાટક–સમયસાર | ૪–૫૦ |
| જૈનસિદ્ધાંત–પ્રશ્નોત્તરમાળા | ૨–૫૦ |
| રત્નસંગ્રહ ( ૧૦૦ રત્નો ) | ૦–૮૦ |
| રત્નસંગ્રહ ( ભાગ–૨ ) | ૦–૮૦ |
| વીતરાગવિજ્ઞાન ભા. ૩: છહ્ઢાળાપ્રવચન | ૧–૦૦ |

## * हिन्दी–साहित्य *

### [ जो उपलब्ध है ]

| | |
|---|---|
| नियमसार–शास्त्र | ५–५० |
| प्रवचनसार ( वृन्दावनजी ) | २–५० |
| समयसार–प्रवचन ( भाग १ ) | ४–५० |
| समयसार–प्रवचन ( भाग २ ) | ४–५० |
| समयसार–प्रवचन ( भाग ३ ) | ५–०० |
| मोक्षमार्गप्रकाशक | ५–०० |
| पुरुषार्थसिद्धिउपाय | ३–५० |
| श्रावकधर्मप्रकाश | ३–०० |
| धर्मकी क्रिया | २–०० |
| ज्ञानस्वभाव–ज्ञेयस्वभाव | ३–०० |
| अष्टप्रवचन भाग १ | १–५० |
| अष्टप्रवचन भाग २ | १–५० |
| छहढाला सचित्र | १–५० |
| छहढाला ( मूल मात्र ) | ०–३० |
| जैनसिद्धांत प्रश्नोतर माला: १ | १–०० |
| जैनसिद्धांत प्रश्नोतर माला: २ | १–५० |
| जैनसिद्धांत प्रश्नोतर माला: ३ | ०–७५ |
| लघु जैनसिद्धांत प्रवेशिका | ०–४० |
| आत्मअवलोकन | ३–०० |
| तत्त्वज्ञानतरंगिणी | ५–०० |
| अहिंसा परमो धर्म: | ०–५० |
| अलिंगग्रहण–प्रवचन | १–६० |
| भगवान महावीर | ०–१५ |
| जैनबालपोथी भाग १ | ०–५० |
| जैनबालपोथी भाग २ | ०–४० |

| | |
|---|---|
| ENGLISH JAIN PRIMER | ०–५० |
| आत्मधर्म–वार्षिक चन्दा | ६–०० |
| समाधितंत्र ( छोटा ) | ०–५५ |

❄ इसके अतिरिक्त जयपुर–टोडरमलस्मारकभवन से प्रकाशित साहित्य भी मिल सकता है।

❄ पुस्तक भेजनेका खर्च अलग समझना चाहिए।

❄ पुस्तकें उधार नहीं भेजी जाती। कमीशन नहीं दिया जाता। सूचना आने पर पुस्तकें V. P. P. से भेजी जाती है।

❄ पुस्तक मंगाते समय उसके मूल्यका ड्राफट अथवा M. O. भेजना चाहिए।

❄ ड्राफट आदिमें "दि. जैन स्वाध्याय मंदिर ट्रस्ट" नाम लिखना चाहिए।

**- पत्र व्यवहारका पता -**

**श्री दि. जैन स्वाध्याय मंदिर ट्रस्ट**
**सोनगढ ( सौराष्ट्र ) 364250**

**- जो प्रेसमें छप रहे हैं -**

प्रवचनसार ( पौने मूल्यमें दी जायगी )
पंचास्तिकाय ( " " " )
समयसार
दसलक्षणपूजन
पंचपरमेष्ठी विधान

સરનામું
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) 364250

| | |
|---|---|
| દર્શનકથા | ૦–૫૦ |
| જિનેન્દ્રપૂજા પલ્લવ | ૦–૫૦ |
| પ્રવચનસાર–હરિગીત | ૦–૩૫ |
| સમવસરણ સ્તુતિ | ૦–૨૫ |
| શૂરવીર–સાધક | ૦–૨૫ |
| સમાધિશતક દોહરા | ૦–૧૫ |
| સમાધિશતક ( ગૂટકો ) | ૦–૪૫ |
| ભગવાન મહાવીર | ૦–૧૫ |
| આલોચના ( પદ્મનંદી ) | ૦–૨૦ |
| લઘુજૈનસિદ્ધાંતપ્રવેશિકા | ૦–૩૦ |
| અખંડઆરાધના ( મૃત્યુમહોત્સવ ) | ૦–૫૦ |
| સર્વસામાન્ય–પ્રતિક્રમણ | ૦–૬૦ |
| અલિંગગ્રહણપ્રવચન | ૦–૭૫ |
| આત્મધર્મ ( કાયમી સભ્ય ) | ૧૦૧–૦૦ |
| સમ્યક્ત્વ–કથા ( સચિત્ર ) | ૧–૦૦ |
| બે સખી ( અંજના ચરિત્ર ) | ૦–૫૦ |
| અહિંસા પરમો ધર્મઃ | ૦–૫૦ |
| જૈન બાળપોથી ( ઇંગ્લીશમાં ) | ૦–૫૦ |
| સાધકશતકમાલા | ૦–૫૦ |

આ ઉપરાંત જયપુરનું સાહિત્ય પણ મળે છે. ફોટા રૂબરૂ મળે છે, પણ પોસ્ટથી મોકલાતા નથી. પુસ્તક મંગાવનારે તેની કિંમત બેંકના ડ્રાફટ કે મનીઓર્ડરથી મોકલી દેવી : અથવા V.P.P. કરવાની સૂચના લખવી. ડ્રાફ વગેરે "દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ" એ નામથી મોકલવા.

## પ્રેસમાં છપાય છે.–

**પ્રવચનસાર તથા પંચાસ્તિકાય સમયસાર**
**તથા મોક્ષમાર્ગપ્રકાશક**
**જિનેન્દ્રપૂજા-સંગ્રહ, પંચપરમેષ્ઠીવિધાન**
**અષ્ટપ્રાભૃત ( હરિગીત પૂરું )**

## ‘અલિંગગ્રહણ’ આત્મા ને જાણ

# ( આત્મવસ્તુ–સ્તવન )

દેહાદિક પુદ્‌ગલપિંડથી સર્વથા જાુદું, ને રાગાદિ પરભાવોથી પણ પાર, એવા પરમાર્થસ્વરૂપ આત્માનું અસાધારણ સ્વલક્ષણ બતાવીને, પ્રવચનસાર ગા. ૧૭૨ માં આચાર્યભગવંતોએ જે અદ્‌ભુત આત્મસ્વરૂપ પ્રકાશ્યું છે, તેના ઉપર ગુરુદેવના સ્વાનુભૂતિપ્રધાન પ્રવચનો સાંભળતાં જે ઉર્મિ જાગી તે આ ‘આત્મવસ્તુ–સ્તવન’ માં કાવ્યરૂપે વ્યક્ત કરી છે.

( બ્ર. હ. જૈન )

### ( મંગલ દોહા )

વંદૂં શ્રી વીરનાથને સાધ્યું આત્મસ્વરૂપ;
ઇન્દ્રિયતીત અખંડ ને અદ્‌ભુત આનંદરૂપ.
નમું છું જિનવચનને ભાખે આત્મસ્વરૂપ,
શુદ્ધઉપયોગ-પ્રકાશથી જાણ્યું આત્મસ્વરૂપ.
પરમ રૂપ નિજ આત્મનું દેહાદિકથી પાર,
ચેતનચિહ્ને ગ્રાહ્ય જે પર લિંગોથી પાર.

### ( રાગ: હરિગીત જેવો )

અદ્‌ભુત આત્મસ્વરૂપને પ્રભુ કુંદકુંદ–પ્રકાશતા,
અમૃતસ્વામી હૃદયખોલી પરમ અમૃત રેડતા.
સ્વાનુભૂતિમાં આવતો તે આત્મ આનંદમય અહો,
ભવિ જીવ સૂણતાં સાર તેનો શુદ્ધ સમકિતને લહો.

છે ચેતનાગુણ ગંધ–રૂપ–રસ–શબ્દ વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને.
નથી રૂપ કોઈ જીવમાં તેથી ન દીસે નેત્રથી,
વળી રસ પણ જીવને નહિ તેથી ન દીસે જીભથી.
જીવ શબ્દવંત નથી અરે, તેથી ન દીસે કાનથી,
નથી સ્પર્શ જીવમાં કોઈ તેથી ગ્રાહ્ય છે ના હસ્તથી.
વળી ગંધ જીવમાં છે નહિ તેથી ન આવે નાકમાં,
છે ઇન્દ્રિયોથી પાર તે આવે ન ઇન્દ્રિયજ્ઞાનમાં.
અસંખ્યપ્રદેશી આત્મ છે, સંસ્થાન કો નિશ્ચિત નહીં;
નિજચેતનાથી શોભતો બસ! એ જ લક્ષણ છે સહી.
નિજચેતનાને અન્ય કોઈ સાથ સંબંધ છે નહિ,
બસ, દ્રવ્ય-ગુણ-પર્યયસ્વરૂપે શોભતો નિજમાં રહી.
હવે વીસ બોલો સાંભળો! અલિંગગ્રહણ આત્મના,
એ જાણવાનું ફળ થશે સ્વાનુભૂતિ નિજઆત્મમાં.

૧. જ્ઞાયક આતમરામ છે તે જાણતો નથી ઇન્દ્રિથી,
એ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે કેમ જાણે ઇન્દ્રિથી?

૨. ઇન્દ્રિયવશ છે જ્ઞાન જે તે આત્મને કદી નવ ગ્રહે,
છે ઇન્દ્રિયોથી પાર જીવ તે અક્ષ-પ્રત્યક્ષ કેમ બને?

૩. ઇન્દ્રિયોના ચિહ્નથી અનુમાન થાય ન આત્મનું;
અનુમાન ઇન્દ્રિયદ્વારથી તો માત્ર રૂપી પદાર્થનું.

૪. સંવેદ્યરૂપ નિજઆતમા, અનુમાનથી તે પાર છે;
કોઈ માત્ર અનુમાને કરી નહીં જીવને જાણી શકે.

૫. પ્રત્યક્ષગ્રાહી આતમા પરને ભલે તે જાણતો,
પણ માત્ર અનુમાને નહિ, પ્રત્યક્ષ પૂર્વક જાણતો.

૬. પ્રત્યક્ષજ્ઞાતા જીવ છે, ત્યાં લિંગનું શું કામ છે?
નથી લિંગ દ્વારા જાણતો, પ્રત્યક્ષજ્ઞાયક જીવ છે.

૭. ઉપયોગ સ્વાધીન આત્મનો સ્વયમેવ જાણે જ્ઞેયને,
અવલંબતો નથી અન્યને તેથી ગ્રહણ નહિ લિંગને.
૮. ઉપયોગ તે નિજલિંગ છે, પોતે જ લિંગસ્વરૂપ છે,
તે લાવતો નથી બાહ્યથી તેથી ન લિંગનું ગ્રહણ છે.
૯. ઉપયોગ લક્ષણ આત્મનું, નહીં કોઈ તેને હરી શકે,
અહાર્ય-જ્ઞાની આતમા બસ! તે જ સત્યસ્વરૂપ છે.
૧૦. જેમ સૂર્યને નથી ગ્રહણ તેમ ન ગ્રહણ જાણો આત્મને,
ઉપયોગમાં ન મલિનતા, શુદ્ધોપયોગી જીવ છે.
૧૧. જે લિંગરૂપ ઉપયોગ છે તે કર્મને ગ્રહતો નથી;
એ રીત કર્મ-અબદ્ધ જીવને જાણજો આ સૂત્રથી.
૧૨. રે! ઇન્દ્રિયોથી વિષયભોગો જીવને હોતાં નથી,
તેથી ન ભોક્તા ભોગનો, -એ જાણજો નિશ્ચય થકી.
૧૩. મન-ઈંદ્રિરૂપ કો લિંગથી નહિ જીવન છે આ જીવનું,
તેથી ન શુક્રાર્વત ગ્રહે-એવો અગ્રાહી જીવ છે.
૧૪. કો શરીરના લિંગને અરે, આત્મા કદી ગ્રહતો નથી,
લૌકિક સાધનરૂપ નહિ એવો અતીન્દ્રિય જીવ છે.
૧૫. લિંગરૂપ કો સાધનોથી ન લોકવ્યાપી જીવ છે,
નથી સર્વવ્યાપી જીવ, એવું સત્ય સાબિત થાય છે.
૧૬. નથી ગ્રહણ કોઈ વેદનું-સ્ત્રી-પુરુષ આદિ ભાવનું
તેથી નથી કો લિંગ જેને, -અલિંગ-ગ્રાહી જીવ છે.
૧૭. લિંગ કે’તાં ધર્મચિહ્નો બાહ્ય જે સાધુતણાં,
નથી ગ્રહણ તેનું જીવમાં, તે ચેતનાથી બાહ્ય છે.
૧૮. ‘આ ગુણ’ એવા બોધથી નથી ગ્રહણ થાતું જીવનું;
ગુણભેદથી લક્ષિત નથી, બસ! શુદ્ધદ્રવ્ય જ જીવ છે.
૧૯. ‘પર્યાય’ કેરા બોધથી નથી ગ્રહણ થાતું જીવનું,
પર્ય-ભેદથી લક્ષિત નથી, બસ! શુદ્ધદ્રવ્ય જ જીવ છે.

૨૦. આ 'દ્રવ્ય' એવા લક્ષણે નહિ ગ્રહણ સાચા જીવનું,
'પર્યાય શુદ્ધ' છે જીવ પોતે, -ભેદહીન તે જાણજો.

## ( ઉપસંહાર )

છે ચેતના અદ્ભુત અહો, નિજસ્વરૂપમાં વ્યાપી રહી,
ઇન્દ્રિયોથી પાર થઈ નિજ આત્મને દેખી રહી;
પ્રભુ કુંદ કુંદ-અમૃત-સ્વામી-ચરણમાં વંદી રહી,
આનંદ કરતી મસ્ત થઈ તે મોક્ષને સાધી રહી.

[ પૂ. બેનશ્રીની ૬૨ મી જન્મજયંતી પ્રસંગે પ્રકાશિત થતું
આ 'આત્મવસ્તુ-સ્તવ' કુદરતે ૬૨ પંક્તિમાં રચાયેલું છે;
તે ભવ્યજીવોને આત્મવસ્તુની પ્રાપ્તિનું કારણ હો. ]

## દેવ-ગુરુ-ધર્મનો પ્રેમ; સમ્યક્ત્વની ભાવના

હે મુમુક્ષુ, અંતરમાં બહુ માનપૂર્વક તું સદા સમ્યક્ત્વની ભાવના કરજે... અવશ્ય તને તેની પ્રાપ્તિ થશે. સાધર્મીઓના સમ્યક્ત્વની વાર્તા સાંભળીને પણ પ્રસન્ન થાજે. સમ્યક્ત્વાદિ ધર્મની કે દેવ–ગુરુ–શાસ્ત્રની હાંસી કે અનાદર કદી ન કરીશ. હસતાં–હસતાં કરેલો પણ ધર્મનો અનાદર કેવા ભયંકર પાપફળને આપે છે! –તેનો વિચાર કરજે. સીતાજીએ પૂર્વભવમાં માત્સર્યવશ એક નિર્દોષ મુનિરાજની હાંસી કરી તો તેમને આ ભવમાં કેવી પરિસ્થિતિ આવી પડી! સતી અંજનાએ પૂર્વભવમાં અજ્ઞાનવશ જિનબિંબનો અનાદર કર્યો તો તેને ૨૨ વર્ષ સુધી કેવું કષ્ટ સહન કરવું પડયું! માટે હે ભવ્ય! તું વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપધર્મ પ્રત્યે તથા ધર્માત્મા–સાધર્મીપ્રત્યે આદરભાવ રાખજે, કદી સ્વપ્નેય કે મશ્કરીમાં પણ એમનો અનાદર કરીશ મા! બીજા સાધારણ પાપો કરતાં દેવ–ગુરુ–ધર્મના અનાદરનું પાપ ઘણું વધારે ભયંકર છે. માટે તેમને ઓળખીને પરમભક્તિથી તેમની ઉપાસના કરજે...તારું કલ્યાણ થશે.

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

[ મિટિંગ સંબંધી સૂચના ] તા. ૧૨-૮-૭૫

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુ૦.........................

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધીઓને હાજર રહેવા સૂચના આપશોજી.

## એજન્ડા

(૧) સને ૧૯૭૪–૭૫ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.

(૨) સને ૧૯૭૫–૭૬ ના વર્ષ માટેના નવાં બજેટો મંજૂર કરવા.

(૩) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૬–૯–૭૫ | શનીવાર | સવારે ૯–૧૫થી૯૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ | ૬–૯–૭૫ | શનીવાર | સવારે ૯–૪૫ |
| શ્રી સામાન્ય સભા | ૭–૯–૭૫ | રવિવારે | સવારે ૯–૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મીટિંગ | ૭–૯–૭૫ | રવિવારે | બપોરે ૪–૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ, સોનગઢની વાર્ષિક મીટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

(૧) ભાદરવા શુદ ૧ શનીવાર તા. ૬–૯–૭૫ સાંજે ૪–૧૫ વાગે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મીટિંગ.

(૨) ભાદરવા સુદ ૨ રવિવાર તા. ૭–૯–૭૫ સવારે ૯–૪૫ શ્રી સામાન્ય સભા.

નોંધ–બધી મીટિંગોનું સ્થળઃ– પ્રવચન–મંડપ

લિ૦
નેમીદાસ ખુશાલ શેઠ
ટ્રસ્ટી
શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ, સોનગઢ

લિ૦
નવનીતલાલ ચુનીલાલ જવેરી
પ્રમુખ
શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

# આત્માનું પરમાર્થસ્વરૂપ

દેહાદિથી પાર પોતાની અસાધારણ ચેતનાથી સમ્પન્ન, પ્રત્યક્ષજ્ઞાતા, અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી, જે એકલા અનુમાનથી અનુભવમાં ન આવે તેવો, ઇન્દ્રિય–મનથી કે લૌકિક સાધનોથી પાર, દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદવડે પણ જે અનુભવમાં ન આવે. પણ ચૈતન્યની અતીન્દ્રિય સ્વાનુભૂતિમાં જે પૂરેપૂરો સમાય–એવા આત્માનું અદ્‌ભુત વર્ણન! –તેને ઇન્દ્રિયાતીત સ્વસંવેદન વડે તું જાણ!

પ્રવચનસાર ગા. ૧૭૨ માં, શરીર કર્મ વગેરે અન્ય સમસ્ત દ્રવ્યોથી ભિન્ન આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવનારું અસાધારણ ચેતનાલક્ષણ બતાવ્યું છે; અને તે ચેતનાલક્ષણે લક્ષિત પરમાર્થરૂપ આત્મતત્ત્વનું સ્વરૂપ વીસ અર્થોદ્વારા ઘણું સ્પષ્ટ સમજાવ્યું છે. શ્રી કુંદકુંદસ્વામીના પાંચે પરમાગમોમાં આ ગાથા છે, તેમજ ષટ્‌ખંડાગમની ધવલા ટીકામાં પણ છે, –તે ઉપરથી આ ગાથાની વિશેષતાનો ખ્યાલ આવે છે; ને તેમાં ભરેલા ચૈતન્યભાવોનો ખ્યાલ તો સ્વસંવેદન વડે ધર્મીને જ આવે છે. –આવી ગાથા ઉપરનાં સુંદર અધ્યાત્મરસઝરતાં પ્રવચનોનું દોહન આપ અહીં વાંચશો.

સમયસારમાં (ગા. ૫૦ થી ૫૫માં) ૨૯ બોલ દ્વારા સમસ્ત પરભાવોને તથા ભંગભેદને ચૈતન્યસ્વરૂપ આત્માની અનુભૂતિથી ભિન્ન બતાવ્યા. અનુભૂતિ–પર્યાયને તો પોતામાં અભેદ કરીને, આત્મા તે–રૂપે પરિણમ્યો છે. તેમ અહીં અલિંગગ્રહણના અર્થમાં પરમાર્થસ્વરૂપ આત્મા ચૈતન્યચિહ્નથી ઓળખાવ્યો, –તેને હે ભવ્ય! તું જાણ! તેને ‘જાણવામાં’ અનંતગુણના નિર્મળપરિણમનનું વેદન ભેગું છે. તેને જાણતાં આત્મા પોતે સુખી થાય છે, આનંદનું વેદન થાય છે, અતીન્દ્રિયભાવોથી તે પર્યાય કમળની

જેમ ખીલી ગઈ...ને અભેદપણે તે શુદ્ધપર્યાયને આત્મા જ કહ્યો છે, કેમકે તે પર્યાય પરભાવોથી જુદી પડી છે, ને આત્મા પોતે તે શુદ્ધપર્યાયરૂપ થયો છે. –આવી અનુભૂતિસ્વરૂપ આત્મા તે 'અલિંગગ્રાહ્ય' છે; ને તેમાં બીજા ઘણા ભાવો બતાવવા તેને 'અલિંગગ્રહણ' કહ્યો છે– 'जाण अलिंगग्गहणं'

'जाण अलिंगग्रहणं' અલિંગ–ગ્રહણ આત્માને તું જાણ! એટલામાં તો ઘણાય ગંભીર અર્થો ભરેલા છે; તેમાંથી અહીં ૨૦ અર્થ અમૃતચંદ્ર મહારાજે ટીકામાં ખોલ્યા છે.

આત્મા ઇન્દ્રિયોવડે જાણનારો નથી એટલે અતીન્દ્રિયજ્ઞાનમય છે. જુઓ, ઇન્દ્રિયોથી ને ઇન્દ્રિયો તરફના જ્ઞાનથી પાર થઈને, એટલે અતીંદ્રિયજ્ઞાનરૂપ થઈને જ્ઞાનસ્વભાવી આત્માને જાણી શકાય છે. અતીન્દ્રિયજ્ઞાનરૂપ થઈને જેણે ઇન્દ્રિયોને જીતી એટલે જુદી કરી, તેણે પોતાના સર્વજ્ઞસ્વભાવના સ્વીકારપૂર્વક સર્વજ્ઞદેવની સ્તુતિ કરી, તે સર્વજ્ઞનો આરાધક થયો. –એ જ વાત અહીં આત્માને અતીન્દ્રિયજ્ઞાનમય કહીને આચાર્યદેવે બતાવી છે.

'ઇન્દ્રિયોવડે જ હું જાણું છું' એમ માનનારો જીવ ઇન્દ્રિયોથી જુદો પડતો નથી, એટલે અતીન્દ્રિય ચેતનાગુણસંપન્ન આત્માને તે જાણતો નથી. અરે, ચેતનસ્વભાવી આત્મા, એને તે ઇન્દ્રિયો કેવી? ઇન્દ્રિયોને તો પરદ્રવ્ય કહીને આત્મામાંથી કાઢી નાંખી છે, તે જીવ નથી, તે આત્મસ્વભાવને જરાપણ સ્પર્શતી નથી, આત્માથી અત્યંત ભિન્ન તેનું અસ્તિત્વ છે.

**તે ઇન્દ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;**
**તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને? (૫૭)**

જ્ઞાનપર્યાય અતીન્દ્રિય થઈને સ્વવિષયમાં ભળે ત્યારે જ તેમાં સાચું જ્ઞાન થાય છે. આત્મા સ્વને કે પરને અતીન્દ્રિય થઈને જાણે એવો તેનો સ્વભાવ છે. જાણનાર સ્વભાવ આત્માનો છે, તે કાંઈ ઇન્દ્રિયનો સ્વભાવ નથી. અહા, અતીન્દ્રિય ચેતનસ્વભાવી આત્મા છે–એમ જ્યાં નક્કી કરે ત્યાં ઇન્દ્રિયો ને રાગ કે પરનું આલંબન બધાયથી હટીને જ્ઞાન અતીન્દ્રિયપણે પરિણમી જાય છે, અને તે જ્ઞાન અતીન્દ્રિયઆનંદની છાપવાળું છે. આમ પર્યાયમાં પણ અતીન્દ્રિયભાવરૂપ પરિણમન થયું ત્યારે અતીન્દ્રિયઆત્મા જાણ્યો છે.

* સ્પર્શઇન્દ્રિયવડે આત્મા જણાય? –ના, કેમકે આત્મામાં સ્પર્શ નથી, આત્મા અસ્પર્શ છે.

* રસના–ઇન્દ્રિયવડે આત્મા જણાય ? –ના, કેમકે આત્મામાં રસ નથી, આત્મા અરસ છે.
* નાસિકા–ઇન્દ્રિયવડે આત્મા જણાય ? ના, કેમકે આત્મામાં ગંધ નથી, આત્મા અગંધ છે.
* આંખવડે આત્મા જણાય ? ના, કેમકે આત્મામાં રૂપ નથી, આત્મા અરૂપ છે.
* શબ્દવડે આત્મા જણાય ? ના, કેમકે આત્મામાં શબ્દ નથી, આત્મા અશબ્દ છે.
* મનવડે આત્મા જણાય ? ના, કેમકે અતીન્દ્રિય આત્મા એકલા અનુમાનગોચર થતો નથી.
* આકારવડે આત્મા જણાય ? ના, કેમકે અસંખ્યપ્રદેશી આત્માનો કોઈ નિશ્ચત આકાર નથી.
* ભેદવડે આત્મા જણાય ? ના; કેમકે આત્મઅનુભૂતિમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ નથી.
* ચેતનાવડે આત્મા જણાય ? હા...કેમકે આત્મા પોતે પોતાની ચેતનાસ્વરૂપ છે.

સ્પર્શનાદિ ઇન્દ્રિયોવડે આત્મા જણાય–એમ જે માને છે તે આત્માને સ્પર્શાદિ વાળો માને છે એટલે દેહને જ આત્મા માને છે, તેથી દેહાતીત એવા અતીન્દ્રિય આત્માની સ્તુતિ કરતાં તેને આવડતી નથી. માટે કુંદકુંદસ્વામી કહે છે કે અતીન્દ્રિય સ્વાનુભૂતિવડે જ સર્વજ્ઞની સ્તુતિ ને સર્વજ્ઞના માર્ગની ઉપાસના થઈ શકે છે; અને એવી સ્તુતિ કરનારો જીવ જીતેન્દ્રિય છે. ઇન્દ્રિયથી જુદો પડીને અતીન્દ્રિય ચેતનારૂપે તે પરિણમ્યો છે. –એવો ધર્માત્મા જીવ કહે છે કે–અહો વીરનાથ સર્વજ્ઞદેવ! આપના શાસનમાં આવી અતીન્દ્રિયચેતના પામીને અમે આપની પરમાર્થસ્તુતિ કરીએ છીએ.

પુદ્‌ગલમય ઇન્દ્રિયો જેનો સ્વભાવ નથી એવો અતીન્દ્રિય આત્મા પોતે સ્વયમેવ જ્ઞાનસ્વરૂપ છે, તે પોતાના અતીન્દ્રિયજ્ઞાનરૂપે સ્વયમેવ પરિણમતો થકો જાણે છે, ઇન્દ્રિયો વડે તે જાણતો નથી. જ્ઞાનને અને ઇન્દ્રિયોને (આત્માને અને શરીરને) અત્યંત ભિન્નતા છે, તો જ્ઞાન ઇન્દ્રિયોવડે કેમ જાણે ? જાણવાનો સ્વભાવ જ્ઞાનનો છે, ઇન્દ્રિયોનો નહિ. એટલે પરમાર્થે તો, ઇન્દ્રિયોને નિમિત્ત બનાવીને જાણે–એવો પરાલંબી જ્ઞાનસ્વભાવ નથી; એટલે ઇન્દ્રિયજ્ઞાન પણ જીવનો સ્વભાવ નથી, અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવી આત્મા છે–તે પરમાર્થ છે. –આવા પરમાર્થઆત્માને ચેતનાલક્ષણવડે હે ભવ્ય ! તું જાણ.

* * * * *

આત્મા ઇન્દ્રિયોવડે જાણે–એવો નથી; તેનો સ્વભાવ અતીન્દ્રિયજ્ઞાનરૂપ છે. જેમ પુદ્‌ગલપિંડનો આત્મામાં અભાવ છે, તેથી આત્મા શરીરાદિ પુદ્‌ગલપિંડનો કર્તા નથી; તેમ પુદ્‌ગલપિંડરૂપ ઇન્દ્રિયોનો આત્મામાં અભાવ છે એટલે તે ઇન્દ્રિયો આત્માના જ્ઞાનની

કર્તા નથી, તેને સાધન બનાવીને આત્મા જાણે–એવો આત્માનો સ્વભાવ નથી, તેમજ જ્ઞાનનું સાધન થાય એવો સ્વભાવ ઇન્દ્રિયોમાં પણ નથી. ઇન્દ્રિયોને આત્માથી અત્યંત ભિન્નપણું છે, તેને આત્માના સ્વભાવપણું જરાય નથી.

અરે, આત્મા ચૈતન્યતેજથી ચમકતો હીરો–એ તે કાંઈ ઇન્દ્રિયજ્ઞાનથી મળી જાય એવો છે? –ના; એ ચૈતન્યતત્ત્વમાં તો ઘણી જ ગંભીરતા છે, એનો પાર અતીન્દ્રિયજ્ઞાન જ પામી શકે છે. એની સાથે જે અભેદ થઈ શકે એ જ એને જાણી શકે છે. ઇન્દ્રિયો–રાગ–વિકલ્પોમાં એવી તાકાત નથી કે ચૈતન્યસ્વભાવ સાથે અભેદ થઈને રહી શકે. એ તો બધાય ચૈતન્યસ્વભાવથી જુદા છે, તેઓ આત્મસ્વભાવને જ્ઞેય બનાવી શકતા નથી, એટલે તે રાગ–ઇન્દ્રિયો કે વિકલ્પમાં ઊભા રહીને આત્માને અનુભવી શકાતો નથી.

ભવના સિંધુને ઉલેચી નાંખીને અંદરથી ચૈતન્યરત્નને બહાર કાઢવાની આ વાત છે. અરે ભાઈ! આવું સુંદર તારું ચૈતન્યતત્ત્વ, એ તે કાંઈ ભવસિંધુમાં શોભે છે? –એ તો આનંદના દરિયામાં શોભે એવું છે; આનંદના દરિયા તો એનામાં ભર્યા છે. આવા તારા ચૈતન્યહીરોને તું ઓળખ...ને આત્માને ભવસમુદ્રમાંથી બહાર કાઢ. અતીન્દ્રિયજ્ઞાનથી તારા આનંદબગીચાને ખીલવ.

સર્વજ્ઞદેવ અનુસાર કુંદકુંદાચાર્યગુરુએ આ પ્રવચનસારશાસ્ત્રમાં ચૈતન્યસ્વભાવી આત્માને પ્રસિદ્ધ કર્યો છે. આહા! આત્માને ‘ભગવાન’ કહીને તેનો પરમમહિમાવંત સ્વભાવ દેખાડયો છે. –અરે, આવો ભગવાન–એ તે કાંઈ અશુચિમય રાગવડે જણાય? –ના. ભગવાન આત્મા શુચીસ્વભાવી–પવિત્ર જ્ઞાનસ્વરૂપી, તેમાં ઇન્દ્રિયો પ્રવેશી શકે નહિ, રાગ જેને દેખી શકે નહિ, ઇન્દ્રિયજ્ઞાન પણ જેને દેખી શકે નહિ, અતીન્દ્રિયજ્ઞાન જ તેમાં પ્રવેશીને તેનો સાક્ષાત્કાર કરીને સ્વસંવેદન કરે છે. –આવો આત્મા દિવ્યધ્વનિવડે તીર્થંકર ભગવાને પ્રકાશ્યો છે ને ગણધરાદિ શ્રીગુરુઓએ તે ઝીલીને, સ્વસંવેદનપ્રત્યક્ષ કરીને, શાસ્ત્રમાં ગૂંથ્યો છે. મહાભાગ્યે તે આજે આપણને શ્રી ગુરુપ્રતાપે પ્રાપ્ત થાય છે.

જેણે સ્વસંવેદનથી પોતાનો આત્મા પ્રત્યક્ષ કર્યો છે તે જ બીજા ધર્મીજીવોનું સાચું અનુમાન કરી શકે છે. સ્વસંવેદન–પ્રત્યક્ષ વગરના એકલા અનુમાનથી બીજા ધર્માત્માના અતીન્દ્રિયઆનંદ વગેરેનું સાચું જ્ઞાન થઈ શકતું નથી. જ્ઞાનીને અતીન્દ્રિયઆનંદ કેવો છે તેને અજ્ઞાની ઓળખી શકતા નથી. સ્વસંવેદનપ્રત્યક્ષ તે

નિશ્ચય, એવા નિશ્ચયપૂર્વક અનુમાનરૂપ વ્યવહાર સાચો હોય; પણ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર જેમ સત્ય નથી હોતો તેમ પ્રત્યક્ષ વગરનું એકલું અનુમાન તે પણ સત્ય નથી હોતું. અહો, જૈનશાસનની અનેકાન્તશૈલી અને નિશ્ચય–વ્યવહાર કોઈ અલૌકિક છે!

* * *

# ધર્માત્માની અભેદ-અનુભૂતિનું રહસ્ય

ધર્મીની અનુભૂતિનાં રહસ્ય ઊંડા છે. ગુરુદેવ અત્યંત પ્રમોદપૂર્વક વારંવાર સમ્યગ્દર્શનની ગંભીરતા બતાવીને કહે છે કે અહા, અનુભવની ક્ષણે દ્રવ્ય–ગુણ–પર્યાયના કોઈ ભેદ દ્રષ્ટિમાં રહેતા નથી, પરમ આનંદ સહિત એકલું ચૈતન્યતત્ત્વ અખંડપણે પ્રકાશે છે–વેદાય છે.

‘અલિંગગ્રહણ’ ના ૨૦ અર્થોમાંથી છેલ્લા ત્રણ બોલમાં ગુણ–પર્યાય ને દ્રવ્ય એ ત્રણેયના ભેદના વિકલ્પથી પાર અભેદરૂપ આત્માની અનુભૂતિનું સ્પષ્ટ વર્ણન આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવ્યું છે. ગુણના ભેદવડે આત્મવસ્તુનો અવબોધ થતો નથી, માટે ગુણભેદરૂપ લિંગને આત્મા ગ્રહતો નથી–સ્પર્શતો નથી. જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ ગુણના ભેદો તે આત્મા નથી–એમ સમયસારની સાતમી ગાથામાં કહ્યું; તેથી કાંઈ એવો અર્થ નથી કે આત્મામાં જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે ગુણ–પર્યાયો નથી. ગુણોથી અભેદ આત્મા છે–તેમાં ભેદ પાડવાથી આત્મા અનુભવમાં આવતો નથી, અનુભૂતિમાં ભેદ દેખાતો નથી, અભેદપણે જ પરમાર્થ આત્મા અનુભવાય છે. જેમ આ બોલમાં ગુણભેદનો નિષેધ કર્યો, એ જ રીતે શુદ્ધપર્યાયમાં પણ સમજવું. ‘આ શુદ્ધપર્યાય ને આ આત્મા’ એવો ભેદ ધર્મીની દ્રષ્ટિમાં નથી, તેથી કહ્યું કે શુદ્ધપર્યાયથી તેનું ગ્રહણ થતું નથી, પર્યાયના ભેદને તે સ્પર્શતો નથી. પછી છેલ્લા બોલમાં, પરમાર્થરૂપ આત્માની અનુભૂતિથી જે પર્યાય થઈ તે શુદ્ધપર્યાય આત્મા જ છે, –એમ અભેદદ્રષ્ટિથી આત્માને શુદ્ધપર્યાય કહ્યો છે.

જેમ ગુણના ભેદમાં અભેદ આત્મા અનુભવાતો નથી, તેમ પર્યાયના ભેદમાં અભેદ આત્મા અનુભવાતો નથી, તેમ જ ‘દ્રવ્ય છું– દ્રવ્ય છું’ એવા ભેદવડે પણ અભેદ આત્મા અનુભવાતો નથી–તેથી તેને દ્રવ્યથી પણ અનાલિઢ એવો શુદ્ધપર્યાય કહ્યો. આમ છેલ્લા ત્રણ બોલ દ્વારા ગુણ–પર્યાય ને દ્રવ્યના બધા ભેદોના વિકલ્પથી પાર શુદ્ધઆત્મા બતાવ્યો.

તે જ ધર્માત્માની દૃષ્ટિનો વિષય છે, ને તે જ પરમાર્થરૂપ આત્મા છે. વીસે બોલ દ્વારા તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

દૃષ્ટિનો વિષય અભેદ છે–એટલે દ્રવ્ય–ગુણ–પર્યાયના કોઈ ભેદને તે સ્વીકારતી નથી, નિર્વિકલ્પ આત્માને તે ગ્રહણ કરે છે. ગુરુદેવ અત્યંત પ્રમોદપૂર્વક વારંવાર સમ્યગ્દર્શનની ગંભીરતા બતાવીને કહે છે કે અનુભવની ક્ષણે દ્રવ્ય–ગુણ–પર્યાયના કોઈ ભેદ ઉપર દૃષ્ટિ રહેતી નથી, ભેદ દેખાતા નથી; પણ તેથી કરીને આત્મામાં તેનો અભાવ નથી; આત્મામાં ગુણ–પર્યાય તો છે, પણ તેના ભેદનું લક્ષ રહે ત્યાંસુધી નિર્વિકલ્પ અખંડ આત્માની અનુભૂતિ થતી નથી. ગુણ છે પણ તેનું ગ્રહણ નથી એટલે કે ગુણના ભેદ વડે આખો આત્મા ગ્રહવામાં આવતો નથી–અનુભવમાં આવતો નથી. ભેદને અભેદમાં સમાવીને એક વસ્તુને અભેદ અનુભવે છે–તે ધર્મીની અનુભૂતિ છે. 'ધર્મીની અનુભૂતિના રહસ્ય ઊંડા છે. '

અભેદવસ્તુ–સામાન્યની અપેક્ષાએ દ્રવ્ય–ગુણ–પર્યાય એ ત્રણે તેના વિશેષો છે–ભેદો છે. તે ભેદો વડે અભેદરૂપ શુદ્ધઆત્માનું ગ્રહણ થતું નથી–એ વાત આ છેલ્લા ત્રણ બોલમાં આચાર્યદેવે સમજાવીને અનુભૂતિના રહસ્ય સ્પષ્ટ કર્યા છે. –આ સમજે તો આત્માને સમ્યગ્દર્શન ને આત્મઅનુભવ થયા વગર રહે જ નહિ.

**આવા અનુભવ માટે ઘણી ધીરજ, ઘણી ગંભીરતા જોઈએ; ને એનું ફળ પણ એવું અપૂર્વ મહા આનંદરૂપ છે. વિનયપૂર્વક જેનું સ્વરૂપ સાંભળતાં પણ હર્ષથી મુમુક્ષુના રોમાંચ ઉલ્લસિત થઈ જાય, તેના વેદનમાં અસંખ્ય પ્રદેશે અતીન્દ્રિયઆનંદનો જે રોમાંચ થાય-એની તો શી વાત! અંતરમાં અનુભવ થઈ શકે એવી આ ચીજ છે.**

પરમાર્થરૂપ આત્માનું સ્વરૂપ, કે જેને સ્વજ્ઞેય બનાવતાં સમ્યગ્દર્શન થાય ને પ્રશમરસ ઝરે–એની આ વાત છે. એવા આત્માને દૃષ્ટિમાં લઈને, સ્વજ્ઞેય બનાવીને અનુભવ કરતાં આનંદમય શુદ્ધપર્યાય થઈ, –અભેદપણે તે આત્મા જ છે. 'હું દ્રવ્ય, હું ગુણ' –એવા ભેદ તે અનુભૂતિમાં નથી. શુદ્ધઆત્મા જ પોતે નિરપેક્ષપણે શુદ્ધ પર્યાયરૂપ અભેદ પરિણમ્યો છે, તેથી આત્મા પોતે શુદ્ધપર્યાય છે. તેના વેદનમાં દ્રવ્ય–ગુણ અભેદ છે, પણ આ દ્રવ્ય–ગુણ–આ પર્યાય એવા ભેદનું અવલંબન તેમાં નથી. તેથી 'શુદ્ધપર્યાય' ને દેખતાં અભેદપણે આત્મા જ દેખાય છે. શુદ્ધપર્યાય થઈ ક્યાંથી? શું દ્રવ્ય–ગુણથી જુદી છે? દ્રવ્ય–ગુણમાં અભેદ થઈને તે શુદ્ધપર્યાય પરિણમી છે, તેથી અભેદપણે તેને જ આત્મા કહીએ છીએ.

'આત્મા પર્યાયછે ? ' –હા, આત્મા શુદ્ધ પર્યાય છે, –જે આનંદનું સ્વસંવેદન થયું તે હું જ છું, –એમ ધર્મી જાણે છે–અનુભવે છે. 'આનંદની અનુભૂતિ થઈ–એટલો જ હું છું' અનુભૂતિ કરી ત્યાં દ્રવ્ય–ગુણનો સ્વીકાર તેમાં આવી જ ગયો, જ્ઞાયકસ્વભાવ પર્યાયમાં આવિર્ભૂત થયો, –એ જ ભૂતાર્થનો આશ્રય છે. –એને સત્યાર્થ આત્મા કહ્યો.

વાહ, જુઓ આ સંતોની અનુભૂતિનાં ઊંડા રહસ્યો! સ્વસન્મુખ થઈને અતીન્દ્રિય આનંદના વેદનરૂપ એવી શુદ્ધપર્યાયરૂપ થયેલ આત્મા જાણે છે કે આ શુદ્ધપર્યાય હું છું. ત્યાં અભેદપણે દ્રવ્ય–ગુણનો સ્વીકાર તેમાં આવી જાય છે, કેમકે તેમાં એકાગ્ર થઈને પર્યાય પરિણમી છે. 'આત્મા શુદ્ધપર્યાય છે' –એમ કોણ સ્વીકારી શકે? જેને અંતર્દ્રષ્ટિ થઈ એવો ધર્મી જ તે સ્વીકારી શકે છે; જેને શુદ્ધપર્યાય નથી તે આ વાત યથાર્થપણે સ્વીકારી શકતો નથી. પર્યાય કાંઈ અસત્ નથી, એ પણ સત્નો અંશ છે.

'આત્મા શુદ્ધપર્યાય છે. ' –હું દ્રવ્ય છું, હું સામાન્ય છું–એવા વિકલ્પ વડે તેનું ગ્રહણ થતું નથી, માટે આત્મા અલિંગગ્રહણ છે. જેમ પર્યાય અને ગુણના ભેદના વિકલ્પ વડે આત્મા ગ્રહાતો (અનુભવાતો) નથી, તેમ 'સામાન્યમાંથી વિશેષપર્યાય આવી, હું સામાન્યદ્રવ્ય છું' –એવા ભેદરૂપ લિંગ વડે પણ આત્મા અનુભવાતો (ગ્રહાતો) નથી. અહો, ચૈતન્યતત્ત્વની અનુભૂતિ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદથી પાર છે, 'પ્રત્યક્ષજ્ઞાતા' થઈને આત્મા પોતે પોતાને સ્વસંવેદનમાં લ્યે છે, અતીન્દ્રિય–પ્રત્યક્ષ જ્ઞાનથી તેનું ગ્રહણ થાય છે–એમ કહીને આત્માની અનુભૂતિનો વૈભવ આચાર્યદેવે ખુલ્લો કર્યો છે. –સ્વાનુભવપ્રત્યક્ષથી ભવ્યજીવો તે પ્રમાણ કરજો.

**"વાહ રે વાહ! વીતરાગી સંતોએ સ્વાનુભૂતિનાં રહસ્યો બતાવીને મહા ઉપકાર કર્યો છે."**

## શુભરાગમાં પણ દુ:ખ કોને લાગે ?

* જેણે રાગ વગરની ચૈતન્યશાંતિનું વેદન કર્યું હોય તેને રાગમાં દુ:ખ લાગે. રાગ અને ચૈતન્યની ભિન્નતાને જેણે જાણી હોય તેને ચૈતન્યના શાંતરસના મહાનસુખ પાસે, બધા રાગભાવો અશાંત અને દુ:ખરૂપ જ લાગે છે. અશુભની જેમ શુભરાગ પણ જેને દુ:ખરૂપ નથી લાગતો તેણે ચૈતન્યની વીતરાગીશાંતિના સુખને અનુભવ્યું નથી. આ રીતે રાગ જ્ઞાનીને જ ખરેખર દુ:ખરૂપ લાગે છે; અજ્ઞાનીનેય જોકે રાગનું વેદન તો દુ:ખરૂપ જ છે પણ ભ્રમણાથી તે શુભરાગમાં સુખ માને છે, ને તેથી જ રાગ વગરની શાંતિને તે અનુભવી શકતો નથી. 卐

# ❁ જ્ઞાનીના જ્ઞાનની અલૌકિક લીલા ❁

ધર્માત્માને દુઃખવેદન હોય ?

ધર્માત્માને સમ્યક્ત્વાદિરૂપ જે જ્ઞાનચેતના છે તેમાં તો ચૈતન્યની અતીન્દ્રિયશાંતિનું વેદન છે; પણ તેનેય પર્યાયઅનુસાર જેટલો કષાય છે (–અશુભ કે શુભ) –તેટલું દુઃખ પણ છે; અને તે ધર્મી પોતે પણ સમ્યગ્જ્ઞાન વડે જાણે છે કે મારી પર્યાયમાં આટલો અપરાધ છે ને તેનું દુઃખ પણ વેદાય છે. તે વેદન વખતે પણ જ્ઞાનચેતનામાં આનંદનું વેદન છે, તેને મુખ્ય કરતાં તે જ્ઞાનચેતનામાં તો દુઃખનું વેદન નથી; જ્ઞાનચેતના કષાયથી જુદી જ વર્તે છે.

આ રીતે સાધકની પરિણતિમાં સુખ અને દુઃખ (જ્ઞાનચેતના અને કષાય) બંનેનું અસ્તિત્વ એકસાથે વર્તે છે; એક પર્યાયમાં એકસાથે વર્તતા હોવા છતાં ભાવથી બંનેની અત્યંત ભિન્નતા છે; જ્ઞાન ને કષાય જુદા છે–એવી ભિન્નતાને જ્ઞાની જ ઓળખે છે.

ચોથાગુણસ્થાને જ્ઞાનીને ત્રણકષાય વિદ્યમાન છે, ને જ્ઞાની તે કષાયને દુઃખ જાણે છે; તે પર્યાયનું કર્તૃત્વ તે જીવમાં છે. દ્રષ્ટિ અશુદ્ધતાને કે દુઃખને નથી સ્વીકારતી એ ખરી વાત છે; પણ જ્ઞાન જો તે કષાયને–દુઃખને દુઃખ તરીકે પોતામાં જાણે નહિ તો તેને ટાળશે કેવી રીતે ? ચૈતન્યના અતીન્દ્રિયસુખની શાંતિનો સ્વાદ પણ ધર્મીએ ચાખ્યો છે ને તેટલું શાંતિનું વેદન તેને નિરંતર રહે છે.

અહા, સાધક જીવમાં એકસાથે બે ધારા–જ્ઞાનધારા ને કર્મધારા બંને વર્તે છે, છતાં જે જ્ઞપ્તિરૂપ જ્ઞાનધારા છે તે કર્મધારાથી અત્યંત જુદી છે; દુઃખ પોતાની પર્યાયમાં વર્તે છે–એમ જાણે છતાં જ્ઞાનચેતના તેનાથી જુદી રહે–એ જ્ઞાનીના જ્ઞાનની અલૌકિક લીલા છે.

સિદ્ધાંતસૂત્રોમાં ગુણસ્થાનઅનુસાર જોઈએ તો, સમ્યગ્દર્શન પછી પણ ચોથાથી દશમા ગુણસ્થાન સુધી જે–જે ગુણસ્થાને જ્ઞાનાવરણાદિ છ કર્મોનું, સાત કર્મોનું કે આઠ કર્મોનું જેટલું જેટલું બંધન છે તેટલો તેટલો કષાયભાવ જીવને વિદ્યમાન છે, અને તે ભાવ પોતે દુઃખરૂપ છે, તેનો સ્વાદ દુઃખરૂપ છે, અને તે ભાવનું પરિણમન તે જીવમાં જ હોવાથી જીવ પોતે તેનો કર્તા–ભોક્તા છે. તે વખતે તેના શ્રદ્ધા–જ્ઞાનાદિ ભાવો જે શુદ્ધ વર્તે છે તે ભાવમાં રાગાદિનું કે દુઃખનું કર્તા–ભોક્તાપણું નથી એ ખરું, તે સમ્ય–

ક્ત્વાદિ સાથેનું અતીન્દ્રિયસુખ પણ તેને નિરંતર વર્તે છે. –આ રીતે ધર્મીને અપૂર્ણ દશામાં શુદ્ધતા તેમજ અશુદ્ધતા, સુખ તેમજ દુઃખ, મોક્ષનું સાધકપણું તેમજ બાધકપણું એમ બંને ભાવો વર્તે છે. –કે જે અજ્ઞાનીઓને આશ્ચર્ય ઉપજાવે છે–કેમકે બંને ધારાનું ભિન્નભિન્ન સ્વરૂપ તેઓ સમજી શકતા નથી. પરંતુ નિર્મળ દ્રષ્ટિવાળા ભેદજ્ઞાનીઓ તો આવા બંને પ્રકારને દેખવા છતાં વિમોહિત થતા નથી.

આચાર્યદેવ સમયસાર કળશ ૨૭૩–૨૭૪ માં કહે છે કે: એક તરફથી જોતાં આત્મામાં કષાયોનો કલેશ દેખાય છે, અને એક તરફથી જોતાં શાંતિ દેખાય છે; એક તરફથી જોતાં ભવની પીડા દેખાય છે, ને એક તરફથી જોતાં મુક્તિ પણ સ્પર્શે છે. –આમ બંને ધારા સાધકને વર્તતી હોવા છતાં, આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત સ્વભાવ–મહિમા જયવંત વર્તે છે.

[ ગુરુદેવે હમણાં પ્રવચનમાં આ વિષય ઘણી સ્પષ્ટતાથી સમજાવ્યો હતો. અગાઉ પણ આ સંબંધી ઘણું સ્પષ્ટીકરણ આત્મધર્મમાં આવી ગયું છે. ]

## લોકમાં જીવનું ઉત્તમપણું

શ્રી કાર્તિકેયસ્વામી દ્વાદશઅનુપ્રેક્ષાની લોકભાવનામાં લોકના સર્વ પદાર્થોનું વર્ણન કરીને તેના સારરૂપે ગા. ૨૦૪ માં કહે છે કે–

સર્વે દ્રવ્યોમાં જીવ ઉત્તમ દ્રવ્ય છે, તે જ જ્ઞાન–સુખ વગેરે ઉત્તમ ગુણોનું ધામ છે, અને તે જ સર્વે તત્ત્વોમાં પરમ તત્ત્વ છે, –એમ હે ભવ્યજીવો! તમે નિશ્ચયથી જાણો.

उत्तमगुणाणं धामं सव्वद्व्वाणं उत्तमं द्व्वं।
तच्चाणं परमं तच्चं जीवं जाणेहि णिच्छयदो।। २०४।।
अंतरतच्चं जीवो बाहिरतच्चं हवंति सेसाणि।
णाणविहीणं द्व्वं हियाहियं णेय जाणादि।। २०५।।

જીવ અંતરતત્ત્વ છે અને બાકીનાં બધાં બહિરતત્ત્વો છે, જ્ઞાનવિહીન એવાં તે દ્રવ્યો હેય–અહેયને (અથવા હિત–અહિતને) જાણતાં નથી; જ્ઞાનસહિત એવું જીવદ્રવ્ય જ હેય–અહેયને અથવા હિત–અહિતને જાણે છે. માટે તે જ ઉત્તમ અને સારભૂત પરમતત્ત્વ છે. –તેને ઓળખો.

**લોકના સારભૂત સૌથી સુંદર એવા જીવદ્રવ્યને જે જીવ જાણે છે તે જીવ લોકનો શિખામણિ થાય છે ને સિદ્ધપદમાં શોભે છે.**

# ભ ગ વં ત નો પં થ

અહા, સર્વજ્ઞતાવડે પ્રત્યક્ષ સિદ્ધ થયેલ પરમ સૂક્ષ્મ અતીન્દ્રિયતત્ત્વો જૈનશાસનમાં બતાવ્યા છે એ તત્ત્વની ગંભીરતા લક્ષમાં લઈને સમજે તો પોતાનું જ્ઞાન એવું સૂક્ષ્મ અને સ્પષ્ટ થઈ જાય કે પછી અન્યમતના કહેલા કુતત્ત્વો તેને સાવ તૂચ્છ લાગે; તેમાં ક્યાંય તે ભરમાઈ ન જાય. ક્યાં સર્વજ્ઞના કહેલા અતીન્દ્રિય તત્ત્વો, ને ક્યાં અન્યમતના કહેલાં કુતત્ત્વો! સર્વજ્ઞના કહેલા તત્ત્વોનો નિર્ણય કરીને જેણે શ્રદ્ધા કરી તેને જગતમાં બીજે ક્યાંય કોઈ કુમાર્ગમાં મહિમા આવે નહિ; સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વો સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવી, રાગથી પાર ચૈતન્યસ્વરૂપનો અપાર મહિમા પ્રસિદ્ધ કરે છે–જે મહિમાને જાણતાં સ્વાનુભવથી જીવ મહાન આનંદ પામે છે ને સંસારનો અંત કરીને તે મોક્ષને સાધે છે.

**વાહ! ભગવંતનો પંથ ભવઅંતનો ઉપાય છે.**

* * *

* કુંદકુંદઆચાર્ય તો ભગવાન હતાં. આ જીવ ઉપર તેમનો ઘણો ઉપકાર છે. તેમણે રચેલા સમયસારાદિ પરમાગમ અહીં પરમાગમમંદિરમાં કોતરાઈ ગયા છે; તેમાં ચૈતન્યના અનુભવના ગંભીર ભાવો ભર્યા છે.

આત્મ–અનુભૂતિના નિજવૈભવમાંથી નીકળેલા એ ભાવો એકત્વ–વિભક્ત આત્માની અનુભૂતિ કરાવે છે.

* અનેકાન્તમય આત્મવસ્તુની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે?

હા; અનેકાન્તમય આત્મવસ્તુની શ્રદ્ધા તે જ સમ્યક્ત્વ છે. અનેકાન્તસ્વરૂપ આત્માની દ્રષ્ટિ વગર સમ્યક્ત્વ થાય નહિ.

* પાંચવડાથી શ્રી અમરૂભા દાદભા લખે છે– “આત્મધર્મ માસિક દરમહિને નિયમસર અમોને મળી જાય છે, તેમાં આત્મજ્ઞાન–કેવળજ્ઞાન વિષે જે લેખ આવે છે તે ઘણા જ મનનીય છે, જેના વાંચનથી દરેકને આત્મજાગૃતીનું બળ મળે છે.”

* જીવનના દિવસો જેટલી ઝડપથી વીતી રહ્યા છે, તેનાં કરતાં વધુ ઝડપથી આત્મહિત કરી લેવાનું જરૂરી છે. –જેથી જીવનમાં તે ખરૂં કામ બાકી ન રહી જાય.

* આ અંકમાં ૧૫ પાને છપાયેલ લેખના ઉપોદ્ઘાતમાં ષટ્ખંડાગમ ભાગ ૧ ( પાનું ૧૦ થી ૧૩ ) લખેલ છે તેને બદલે ( પાનું ૩૫ થી ૩૯ ) વાંચવું.




❁ સોનગઢમાં શિક્ષણવર્ગ આનંદમય વાતાવરણ વચ્ચે ચાલી રહ્યો છે. એકકોર ધોધમાર જલવર્ષા પૃથ્વીને ઠંડક આપે છે, તો બીજીકોર ધોધમાર ધર્મવર્ષા ભવ્યજીવોને ચૈતન્યની ઠંડક આપીને આનંદિત કરે છે. ગુરુદેવના પ્રવચનમાં શુદ્ધાત્મતત્ત્વનું ઘોલન ચાલી રહ્યું છે.

❁ જયપુરઃ– પં. ટોડરમલ સ્મારકભવન, બાપુનગરમાં જૈન પાઠશાળા ચાલુ થઈ છે. ભારતના મોટા કે નાના જે કોઈ પણ ગામમાં જૈનો વસતા હોય ત્યાં પાઠશાળા જરૂર ચાલતી હોવી જોઈએ. તમારા બાળકોને ધર્મના સાચા સંસ્કાર આપવા હોય તો પાઠશાળા ચાલુ કરો. ભલે એકબે બાળક ભણવા આવે તોપણ, સ્કુલના શિક્ષકો કરતાંય વધુ પગાર આપીને પણ, પાઠશાળા જરૂર ચાલુ કરો. મકાન વગેરેમાં જૈનસમાજ લાખો રૂપિયા વાપરે છે, તેના કરતાં વધુ જરૂર જૈનપાઠશાળાઓ ચાલુ કરવાની છે.

❁ રાજકોટઃ– વૈશાખ માસમાં પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યારે વૈશાખ વદ એકમના રોજ (૧) કુમારી જ્યોત્સનાબેન (પારસરામ ડોસાભાઈ શાહના સુપુત્રી ઉ. વ. ૩૧) તથા (૨) કુમારી હેમલતાબેન (મોહનલાલ ડોસાભાઈ શાહના સુપુત્રી ઉ. વ. ૩૪) એ બંને જિજ્ઞાસુ બહેનોએ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. બંને બહનો બાલબ્રહ્મચારિણી છે. –ધન્યવાદ!

❁ જમશેદપુરથી એક નાનો જિજ્ઞાસુ બાળક ભાંગીતૂટી ભાષામાં ગુરુદેવના નામથી પ્રમોદપૂર્વક લખે છે કે–"હું એક જૈન બાલક છું. મને ગુજરાતી લખતા તો નહીં આવતૂં પણ પઠનતા આવડે છે. હું નાસ્તિક હતો પણ છેલ્લા ૧૫ દિવસ પહેલાં મેં મારી ફૈયબાની ત્યાં તમારૂ આત્મધર્મ વાંચ્યૂ તો મને ઘણો આનંદ થયો. ગુરુદેવની મારી વિનતી છે કે મને ધર્મની શિક્ષા આપે અને આત્માને શાંતિ થાય. મૈં ત્યારપછી રત્નસંગ્રહ ભાગ ૧ લો તથા બીજો વાંચ્યો. પૂજા કરવાના વિધિ પણ બતાવજો. (ગુજરાતી ભાષા બરાબર નહિ જાણનારા નાના બાળકો પણ કેવા જાગ્યા છે? ને કેવી હોંશથી ધર્મના સંસ્કાર મેળવી રહ્યા છે–તેનો આ એક નમુનો છે. આવા તો સાડાત્રણહજાર બાળકો બાલવિભાગમાં રસ લ્યે છે.– હવે કોણ કહી શકશે કે આજના બાળકો–યુવાનો ધર્મમાં રસ નથી લેતા? બાળકો જાગ્યા છે, યુવાનો જાગ્યા છે; તેમને વાંચવામાં રસ પડે એવું સાહિત્ય ઢગલાબંધ આપો, ને નવા નવા કાર્યક્રમોમાં તેમની શક્તિનો ઉપયોગ કરો.

# સોનગઢઃ મંગલ ઉત્સવ ને મંગલ પ્રવચનોની પ્રસાદી

## ( સ્વાનુભૂતિનો મહિમા )

**શ્રાવણ વદ બીજઃ** આનંદની બીજ....સ્વાનુભૂતિની બીજ! આજે સોનગઢમાં તો જાણે તીર્થાધિનાથનું સમવસરણ આવ્યું હોય–એવા હર્ષભર્યા કોલાહલ વચ્ચે ધર્મરત્ન પૂ. બેનશ્રીનો મંગલ જન્મોત્સવ ઉજવાયો. સવારથી જ ગુરુદેવ કોઈ ગંભીર આત્મચિંતનના મહિમામાં દેખાતા હતા. સ્વાનુભૂતિના શાંતરસમાં ડુબેલા પૂ. બેનશ્રી, આ હર્ષના કોલાહલથી પણ અલિપ્ત એવી ચેતના વડે અભિનંદિત હતા, તેમની ચેતના જ આનંદથી તેમને વધાવતી હતી......જ્યારે હજારો ભક્તો હીરા–મોતી–પુષ્પોથી વધાવી રહ્યા હતા. પ્રભુ વીરનાથની મંગલ છાયામાં વીરપુત્રીના બહુમાનનો પ્રસંગ ઘણો ભવ્ય હતો. કુંદકુંદપ્રભુજી પણ જાણે સ્વર્ગમાંથી પુનઃપધાર્યા હોય–એમ સન્મુખ જ બિરાજી રહ્યા હતા. અને પૂ. બેનશ્રી પધારતાં પરમાગમના સારભૂત સ્વાનુભૂતિએ જ જાણે પરમાગમમંદિરમાં પ્રવેશ કર્યો, તે દેખીને પરમાગમો પણ પ્રસન્નતાથી ખીલી ઊઠયા હતા...ગુરુદેવે પ્રશાંત વાતાવરણ વચ્ચે જિનવાણીનું દોહન કરીને શાંતરસની વર્ષા શરૂ કરી...પૂ. બેનશ્રીના અંતરમાં વહેતું સ્વાનુભૂતિનું ઝરણું જ જાણે ઉલ્લસી–ઉલ્લસીને ભવ્યજીવોને આનંદરસ પીવડાવતું હોય! –એવા ભાવો શ્રીગુરુના પ્રવચનમાં ઊછળતા હતા. જ્ઞાનીનો અદ્ભુત મહિમા દેખતાં કેવળજ્ઞાન વગેરે કલ્યાણકોના ઉત્સવો કેવા અદ્ભુત આશ્ચર્યકારી હશે! તેની ઝાંખી થતી હતી. –આવા ઉત્તમ મંગલ પ્રસંગો અને મંગલભાવો આ કળિકાળમાં પણ આપણને પ્રાપ્ત થઈ રહ્યા છે–તે પૂ. ગુરુદેવનો પ્રતાપ અને પૂ. માતાજીનો ઉપકાર છે...તેઓશ્રીને નમસ્કાર હો.

શ્રાવણવદ બીજના મંગલ પ્રારંભમાં જ ગુરુદેવે બેનશ્રીની સ્વાનુભૂતિનો મહિમા પ્રસિદ્ધ કર્યો હતો. તેઓશ્રી સં. ૧૯૮૯ માં ક્ષાયિકભાવ જેવી જોરદાર સ્વાનુભૂતિ પામ્યા છે, ને ૧૯૯૩ માં પૂર્વના ચાર ભવનું ( જેમાં પૂર્વે સીમંધર પરમાત્મા પાસે હતા–તે સહિત ) જાતિસ્મરણજ્ઞાન થયું છે. તેમાં એમ આવ્યું છે કે પૂર્વે ગુરુદેવ રાજકુમાર હતા ને ચંપાબેન–શાંતાબેન એ બંને બેનોના જીવ તેમના મિત્રો, ( શેઠિયાના પુત્રો ) હતા. જાતિસ્મરણની નિર્મળતામાં તેમને ઘણું આવ્યું છે. ગુરુદેવના આત્મા ભવિષ્યમાં તીર્થંકર થનાર છે–એમ પ્રભુના શ્રીમુખે તેમણે સાંભળ્યું છે. ‘આ રાજકુમાર તીર્થંકર થવાના છે, ને આ બંને ( બંને બેનો ) ના જીવો તેમના ગણધરો થવાના છે. ’ આ ઉપરાંત બીજા પાંચભવોનું પણ કેટલુંક સ્મરણ હમણાં આવેલું છે. તીર્થંકર ભગવાનની સીધી વાણી અમે સાંભળી છે, ને કુંદકુંદાચાર્યદેવ ત્યાં પધાર્યા ત્યારે સમવસરણમાં અમે ત્યાં હાજર હતા....આ બધું પ્રમાણસિદ્ધ છે.

'આ રાજકુમારનો જીવ ભરતક્ષેત્રમાં અવતરશે ને કુંદકુંદાચાર્યદેવના તીર્થની પ્રભાવના કરશે' એમ પણ પૂ. બેનશ્રીએ ત્યાં સમવસરણમાં સાંભળેલું–તે પણ તેમને સ્મૃતિમાં આવ્યું છે. અસંખ્ય અબજ વર્ષ પહેલાંનું કેટલુંક જ્ઞાન તેમને જાતિસ્મરણમાં વર્તે છે. દેહ સ્ત્રીનો છે પણ આત્મા અંદર મહા પવિત્ર છે. –ઇત્યાદિ ઘણી વાત ખૂબ જ ગંભીરતાપૂર્વક ગુરુદેવે સભાજનો સમક્ષ ખુલ્લી મુકી; જે સાંભળીને, અને એવા મહાત્માઓને નજરે સાક્ષાત્ દેખીને સૌને ઘણો જ હર્ષાનંદ થતો હતો.

મુમુક્ષુસમાજ પૂ. બેનશ્રીને અભિનંદવા ગયેલ ત્યારે અત્યંત ધીર–શાંત–મધુર–આત્મસ્પર્શી વાણીથી આત્મહિતની પ્રેરણા આપતાં તેઓશ્રીએ કહ્યું કે જીવનમાં આત્માનો અનુભવ કરવો, આત્માનું જ્ઞાન કરવું તે કરવા જેવું છે. તેને માટે દેવ–ગુરુની ભક્તિ વગેરે હોય છે, પણ સુખ અને જ્ઞાન તો આત્મામાંથી આવે છે. આત્મા ગુણ–પર્યાયોથી ભરેલો છે; પોતાના આત્મામાંથી જ જ્ઞાન ને સુખ આવે છે; ને જીવનમાં શાસ્ત્રસ્વાધ્યાય–વાંચન–શ્રવણ વિચારથી આત્માને જાણવો–તેનો અનુભવ કરવો–તે જ કરવા જેવું છે. અભિનંદન–વિધિમાં સૌથી પ્રથમ અભિનંદન તેઓશ્રીના જીવનસખી પૂ. શાંતાબેને આપ્યા હતા. એ ભક્તિરસભીનું મધુર દ્રશ્ય સૌને વાત્સલ્યભાવના જગાડતું હતું.

ઉત્સવના મંગલ વધામણાં તો શ્રાવણ સુદ ૧૩ થી જ શરૂ થઈ ગયા હતા. ઘરેઘરે મંગલગીત ગવાતા હતા. 'સાધકશતકમાળા' વગેરે અનેક પુસ્તકોનું પ્રકાશન થયું હતું ને ગુરુદેવના મંગલ હસ્તે મુમુક્ષુઓને તેની પ્રસાદી મળતી હતી; બીજ નિમિત્તે નાની બાળિકાઓએ સુંદર અભિનયવડે ધર્માત્માના મંગલગુણગાન દર્શાવ્યા હતા; તે ભાવભીનું નાટક દેખીને સૌ પ્રસન્ન થયા હતાં. (આ સિવાય ઉત્સવનો કેટલોક વિગતવાર અહેવાલ આપે શરૂઆતના પૃષ્ઠોમાં વાંચ્યો.) –બ્ર. હ. જૈન

## [ મંગલ પ્રવચનોની મધુરી પ્રસાદી ]

❀ શ્રી જિનેન્દ્રભગવાને કહેલાં દ્રવ્યશ્રુત અનેકાન્તમય સર્વ પદાર્થોનું સ્વરૂપ સ્પષ્ટપણે પ્રકાશે છે; તેના અભ્યાસવડે મુમુક્ષુઓ સર્વ પદાર્થોના સ્વરૂપનો નિર્ણય કરીને, સ્વ–પરની સ્પષ્ટ વહેંચણી કરે છે. ધર્મીના શ્રુતજ્ઞાનમાં ઘણી તાકાત છે; દ્રષ્ટિના અખંડ વિષયને પણ તે જાણે છે; સામાન્ય–વિશેષ, સ્વ–પર બધાને તે સમ્યક્પ્રકારે જાણે છે; શુદ્ધોપયોગ વડે આત્માના પરમ સ્વરૂપને પણ તે જાણે છે. આગમઅનુસાર પદાર્થનું સ્વરૂપ જાણ્યા વગર ભેદજ્ઞાન કે સંયમ થાય નહિ ને મોક્ષમાર્ગ સાધી શકાય નહિ. માટે આગમઅનુસાર જ્ઞાન કરીને સ્વ–પરને જાણો. ધર્માત્મા–સંતોને પોતાના આત્મજ્ઞાનમાંથી આગમપ્રમાણ પ્રગટ થાય

છે. જ્ઞાન કાંઈ શબ્દોમાંથી નથી આવતું. પદાર્થો અનંત ગુણ–પર્યાયથી અગાધ ગંભીર સ્વભાવવાળાં છે, ને તેમનું જ્ઞાન પણ એવું અગાધસ્વભાવવાળું ગંભીર છે. રાગવડે એનો પાર પમાય તેવું નથી.

* ચોથા ગુણસ્થાનની પરિણતિનો રાગ વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રને અનુસરે એવો હોય છે; પણ કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને અનુસરે એવો કોઈ રાગ ત્યાં હોતો નથી. એ રીતે છઠ્ઠાગુણસ્થાને મુનિની રાગપરિણતિ અહિંસાદિ મહાવ્રતને અનુસરે એવી હોય, પરંતુ હિંસાદિ અવ્રતની પ્રવૃત્તિને અનુસરે એવી રાગપરિણતિ ત્યાં હોય નહિ. શુદ્ધતાઅનુસાર રાગપરિણતિનો અભાવ થતો જાય છે.

* અહો, કુંદકુંદાચાર્યદેવે સાક્ષાત્ તીર્થંકરભગવાનને ભેટીને, અને નિજઆત્મવૈભવ ખોલીને, વીરપ્રભુની પરંપરાનો જે માર્ગ આ ભરતક્ષેત્રમાં ટકાવી રાખ્યો છે તે સર્વે મુનિજનોને સંમત છે; ત્યારપછીના સર્વે આચાર્યો તેમને અનુસરે છે. બધા જૈન–આચાર્ય મુનિવરોનો એક જ મોક્ષમાર્ગ છે. કાંઈ જુદા જુદા આચાર્યોએ જુદો જુદો માર્ગ નથી કહ્યો. એક કુંદકુંદાચાર્યની વાત સમજે, કે સમન્તભદ્રાચાર્યની વાત સમજે–કોઈ પણ આચાર્યની વાત સમજતાં બધા આચાર્યોનો અભિપ્રાય તેમાં આવી જાય છે. વીરપ્રભુની પરંપરાના બધા આચાર્યોનો મત એક છે, તેમાં ક્યાંય વિરુદ્ધતા નથી,

એક કુંદકુંદસ્વામીના શાસનમાં બધા આચાર્યોનો અભિપ્રાય શું નથી સમાઈ જતો? –સમંતભદ્રસ્વામી વગેરે બધા આચાર્યોનો મત પણ કુંદકુંદસ્વામીના અભિપ્રાયઅનુસાર જ છે, તેનાથી કાંઈ વિપરીત નથી. તો પછી 'કુંદકુંદસ્વામીકો મહત્ત્વ દેનેસે અન્ય આચાર્યોંકા બલિદાન હો જાતા હૈ' એ વાત ક્યાં રહી? કુંદકુંદસ્વામીના મહત્ત્વમાં અન્ય આચાર્યોનું બલિદાન નથી થતું પરંતુ બધા આચાર્યોના હૃદયનું રહસ્ય તેમાં આવી જાય છે. અહો, ભરતક્ષેત્રમાં વીરપ્રભુનું શાસન કહો, કે કુંદકુંદપ્રભુનું શાસન કહો–એમાં કાંઈ જ ફેર નથી. મહાવીરભગવાનની જેમ જ કુંદકુંદાદિ ભગવાન પણ મંગળરૂપ છે. અહો, તેમનો ઉપકાર અપાર છે.

# જ્ઞાનીની સાચી ઓળખાણ

## 'ઇન્દ્રિયગમ્ય-ચિહ્નો વડે જ્ઞાની ઓળખાતા નથી. રાગથી પાર એવી તેમની અનુભૂતિ અતીન્દ્રિયજ્ઞાનથી જ ઓળખાય છે.'

અલિંગગ્રહણના ચોથાબોલમાં જ્યારે જ્યારે ગુરુદેવ આ અદ્ભુત ન્યાયનું આત્મસ્પર્શી વિવેચન કરે છે ત્યારે ત્યારે પૂ. બેનશ્રી–બેન પણ ખૂબ જ પ્રમોદપૂર્વક ખીલી ઊઠે છે, ને જાણે

ચોથાકાળની કોઈ ધર્મસભામાં બેઠા હોઈએ તેવી પ્રસન્નતા થાય છે. ચોથો બોલ સમજતાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે.

જીવોએ માત્ર રાગપ્રવૃત્તિ કરીને ભ્રમણાથી એમ માની લીધું છે કે મેં જ્ઞાનીની ઉપાસના કરી. પણ ચોથી ગાથામાં કુંદકુંદસ્વામી કહે છે તેમ, જીવે પોતે આત્મજ્ઞાન પૂર્વે કર્યું નથી ને આત્માને જાણનારા જ્ઞાનીની સાચી ઉપાસના પણ તેણે પૂર્વે કદી કરી નથી. –તેથી તેને આત્મપ્રાપ્તિ દુર્લભ છે. એકલા રાગવડે કાંઈ જ્ઞાનીની ઉપાસના થતી નથી. જ્ઞાની અતીન્દ્રિયઅનુભૂતિવાળા છે, ને તેની ખરી ઓળખાણ પણ કંઈક અંશે અતીન્દ્રિયભાવવડે જ થાય છે. એવી ઓળખાણપૂર્વકની ઉપાસના તે સાચી ઉપાસના છે; એવી સમ્યક્ ઉપાસના કરનાર જીવ પોતે પણ અવશ્ય આત્માને જાણીને મોક્ષસાધક થાય છે.

“અહા, ધર્માત્માની અનુભૂતિનો મહિમા સાંભળીને, અને એવી અનુભૂતિવાળા ધર્માત્માઓને નજર દેખીને આત્માર્થીજીવોને ઘણી જ પ્રસન્નતા થાય છે. કોઈ કહે– રત્નોનો મહિમા કેમ ન કર્યો! અરે ભાઈ, જગતના રત્નો જે અનુભૂતિના ચરણે અર્પાઈ જાય છે–તેનો મહિમા દેખો. સમવસરણનો મહિમા નથી, સર્વજ્ઞનો મહિમા છે, સમવસરણને લીધે કાંઈ સર્વજ્ઞનો મહિમા નથી, પણ સર્વજ્ઞને લીધે સમવસરણની શોભા છે. તેમ જે વસ્તુવડે જ્ઞાનીની ભક્તિ કરવામાં આવે છે, મહિમા તે વસ્તુનો નહિ પણ તેના વડે જેની ભક્તિ કરવામાં આવે છે તેનો મહિમા છે, અને તેની ઓળખાણપૂર્વક જ ભક્તિનો સાચો લાભ મળે છે. ધર્મના મંગલઉત્સવોમાં એવો લાભ લેવો તે મુમુક્ષુઓનું કામ છે.

–જય મહાવીર.

પૂ. બેનશ્રી ચંપાબેનના મંગલજન્મોત્સવની ખુશાલીમાં, આ અંકમાં પ્રશમરસસૂચક શાંત મુદ્રાવાળું તેઓશ્રીનું જે સુંદર રંગીન ચિત્ર આપવામાં આવ્યું છે, તેના ખર્ચની રકમ રૂા. ૬૭૧/– સોનગઢવાળા શ્રીમતી લીલાવતીબેન (ધ. પ. વૃજલાલ નાગરદાસ મોદી–મુંબઈ) તરફથી આપવામાં આવ્યું છે–તે બદલ ધન્યવાદ. (આ ઉપરાંત આત્મધર્મ–બાલવિભાગની નિબંધયોજનામાં નિબંધ લખનાર ભાઈ–બહેનોને રજતચંદ્રકો પણ તેમના તરફથી આપવામાં આવ્યા છે.)

આ અંકમાં વધુ પાનાં છાપવા માટે રૂા. ૪૦૧/– વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી લાઠીવાળા તરફથી આપવામાં આવેલ છે. ધન્યવાદ.

# -: સુ ચ ના: -

૧. શ્રી પ્રવચનસાર હિન્દી-ગુજરાતી ટુંક સમયમાં પ્રાપ્ત થશે. કિંમતઃ ૧૫-૦૦

૨. શ્રી પંચાસ્તિકાય હિન્દી-ગુજરાતી ટુંક સમયમાં પ્રાપ્ત થશે.

૩. શ્રી સમયસાર નાટક હિન્દી પ્રેસમાં છપાય છે.

૪. શ્રી અષ્ટપાહુડ, નિયમસાર અને અનુભવ પ્રકાશ પણ ટુંક સમયમાં છાપવા માટે પ્રેસમાં આપવામાં આવશે.

શ્રી અષ્ટપાહુડ, સમયસાર નાટક અને અનુભવપ્રકાશની હસ્તલિખિત પ્રત જે કોઈ ભાઈ અથવા સંસ્થાની પાસે હોય તેઓ તે પ્રત વેચાતી અથવા પાછી આપવાની શર્ત પર અવશ્ય મોકલી આપવા કૃપા કરશોજી.

જે કોઈ ભાઈ અથવા સંસ્થાને ઉપરોક્ત પુસ્તકની જેટલી પ્રત જોઈતી હોય તેઓએ પોતાનો ઓર્ડર લખી ભાવનગર મોકલી આપવો.

-પ્રાપ્તિ સ્થાન-

(૧) શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

(૨) શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ-૨૪ બાપુનગર, જયપુર

(૩) વીતરાત સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય
પ્રસારક-ટ્રસ્ટ
૬૦૨, કૃષ્ણનગર ભાવનગર

## * વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર *

ટ્રસ્ટીગણ-

કૃપા કરીને નીચે લખેલ ગ્રંથ અમને અમારા સરનામે V. P. P. / બુકપોસ્ટ / રેલ્વે પારસલ / ટ્રાન્સપોર્ટ / થી મોકલી આપશો. તેની કિંમત (એડવાન્સ/પૂર્ણ) રૂપિયા મોકલી રહ્યા છીએ / મોકલી આપીશું / V. P. P. પણ છોડાવી લઈશું.

| | ગ્રંથનું નામ | ભાષા | નંગ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |

દરેકે ડ્રાફટ અથવા M. O. ઉપરોક્ત ટ્રસ્ટના નામથી ભાવનગરના સરનામે મોકલવા. પુસ્તક મંગાવનારનું સરનામુંઃ-

## ❀ જાતિસ્મરણજ્ઞાનપરિણત આત્મજ્ઞ બહેનશ્રી ચંપાબેન ❀



સમવસરણ-જિનવર તણો, દીધો દૃષ્ટ ચિતાર;
ઉરમાં અમૃત સીંચીને, કર્યો પરમ ઉપકાર.

* * *

સીમંધર-દરબારના, બ્રહ્મચારી ભડવીર;
ભરતે ભાળ્યા ભાગ્યથી, અતિશય ગુણગંભીર.

* * *

સીમંધર-કુંદની રે કે વાત મીઠી લાગે સાહેલડી,
અંતરના ભાવમાં રે કે ઉજ્જવળતા જાગે સાહેલડી;
ખમ્મા મુજ માતને રે કે અંતર ઉજાળ્યાં સાહેલડી,
ભવ્યોનાં દિલમાં રે કે દીવડા જગાવ્યા સાહેલડી.


* * *

"અમે અમારા આત્માનું કરવા આવ્યા છીએ (અર્થાત્ અમને આ બધું ઉપાધિ લાગે છે)." –પૂ. બહેનશ્રી ચંપાબેન

"બેન! લોકોને ભાવ થાય,...તમારે જોયા કરવું,...તમારે શું છે? ...લોકોને (જન્મદિવસ ઊજવવાના) ભાવ તો થાય ને! મારા હિસાબે તો લોકો જે કંઈ કરે છે તે (પણ) ઓછું છે." –પૂ. ગુરુદેવ

ફોન નં. : ૩૪ "આત્મધર્મ" Rgd. No. G. B. V. 10

**સિદ્ધો થયા જે જીવ તે સૌ ભેદજ્ઞાન-પ્રભાવથી;**
**બંધ્યા અરે, જે જીવ તે સૌ ભેદજ્ઞાન-અભાવથી.**




હે જિનેન્દ્રદેવ! હે વીરનાથ! ભેદજ્ઞાનરૂપી ઉત્તમ નૌકામાં બેસીને આપ મુક્તિપુરીમાં પધાર્યા...આપના શાસનમાં હું પણ તે ભેદજ્ઞાન–નૌકામાં બેસીને આપની પાસે મુક્તિપુરીમાં આવી રહ્યો છું.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ. સોનગઢ (સૌરાષ્ટ્ર) શ્રાવણ
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૧૦૦